Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુનશી

સૂક્તિસંચય

63 ગ
૪૨૬

ભારતીય વિદ્યા ભવન
મુંબઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या 63 ग/25
पञ्जिका-संख्या . 23632
पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी की
पुस्तक सं. 6377/54
आगत सं. 23632
दि. 18 जून 2006
गुरुकुल पुस्तकालय काँगड़ी.

स्टाक प्रमाणीकरण ११८४-११८५

पुस्तकालय
गुरुकुल काँगड़ी

CHECKED
Initial

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુનશી

સૂક્તિસંચય

સંપાદકો

પ્રો. રામનારાયણ વિ. પાઠક
પ્રો. વી. એન. ભૂષણ
પ્રો. સીતારામ ચતુર્વેદી

પ્રકાશક

ગુજરાતી સાહિત્ય પરિષદ

તરફથી

ભારતીય વિદ્યા ભવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂલ્ય ૩. ૧-૮-૦

: મુદ્રક :
ધીરુભાઈ દલાલ
એસોશીએટેડ એડવર્ટાઈઝર્સ
એન્ડ પ્રિન્ટર્સ લિમિટેડ
૫૦૫, આર્થર રોડ, તારદેવ
મુંબઈ ૭

: પ્રકાશક :
પ્રો. જયન્તકૃષ્ણ હ. દવે
માનદ્ મહામાત્ર
ભારતીય વિદ્યા ભવન
મુંબઈ ૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના ....

ભવનની મેઘજી મથરાદાસ આર્ટસ્ કૉલેજના પ્રિન્સપાલ ખૂલચંદજી, વાઇસ પ્રિન્સિપાલ ભૂષણ અને બીજા પ્રોફેસરો ભેગા થયા અને શ્રી મુનશીજીને તેમની ષષ્ટિપૂર્તિના ઉત્સવપ્રસંગે આપણે શું ભેટ ધરવું તેની ચર્ચા ચાલી. એક દરખાસ્ત આવી કે તેમનાં પુસ્તકોમાંથી સૂત્ર જેવાં વાક્યો લઈ તેનું પુસ્તક કરી ભેટ આપવું. સર્વેએ એકદમ સ્વીકારી લીધું. તેમનાં જ વાક્યો તેમને ભેટ ધરવાં, અને પુસ્તક અમે રચ્યું ગણાય, એવી યોજના કોણ ન સ્વીકારે? પ્રિન્સિપાલ ખૂલચંદજી અને પ્રો. ભૂષણે અંગ્રેજી પુસ્તકો પોતાના ભાગમાં લીધાં, અને પ્રો. ચંદ્રકાન્ત મહેતા, પ્રો. હરિવલ્લભ ભાયાણી, પ્રો. કલ્પલતા મુનશી, અને મેં ગુજરાતી ગ્રંથો વહેંચી લીધા. પ્રો. સીતારામ ચતુર્વેદીએ હિન્દી ગ્રંથો લીધા. તેમાંથી આ પુસ્તક તૈયાર થયું છે! એમની ષષ્ટિપૂર્તિના સમારંભને દિવસે જ તે તૈયાર કરી અર્પણ કરવાની ઉમેદ હતી પણ આ કામગારો અને છાપખાનાંના વખાના સમયમાં એમ ધાર્યું પુસ્તક ક્યાંથી છપાઈ રહે! અત્યારે આટલે મહિને બહાર પડે છે એને માટે પણ એસોશિયેટેડ એડવર્ટાઇઝર્સ એન્ડ પ્રિન્ટર્સનો આભાર!

અમે પુસ્તકની પ્રસિદ્ધિમાં તો સફળ થયા, પણ આવા પુસ્તક વિશે એક વાત કહેવી જોઈએ. કોઈપણ ગ્રંથકર્તાનાં જે સૂત્રરૂપ વાક્યો જુદાં પાડી રજૂ કરી શકાય તે બધાં એમના હૃદ્‌ગત મંતવ્યનાં છે, અથવા એમનું સકલ મંતવ્ય જેમાં આવી જાય છે, એમ ન માનવું જોઈએ. એમ માનનાં કર્તા તે અન્યાય પામે. કારણ કે વિશ્વામ છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ પણ વાક્યનો અર્થ તેને તેના સંદર્ભથી વિખૂટું પાડીને ન કરવો જોઈએ. અને એ સત્ય પુસ્તકના તાત્પર્યનિર્ણયને પણ લાગુ પડે. તેમાં પણ આમાં તો કેટલાંક એવાં વાક્યો પણ છે, જે કર્તાનાં પાત્રો બોલેલાં છે, અને વસ્તુલક્ષી સર્જનમાં પાત્રનાં વાક્યો તેના કર્તાને ન આરોપી શકાય. ખરું કહો તો એ કર્તા મોટા હથોડાથી પોતાનાં મંતવ્યો ઘડતા હોય, ત્યારે એરણ ઉપરથી ઊડતા નિખારવા છે, પણ તેમ છતાં એટલું ખરું જ કે જેણે મુનશીજીનાં પુસ્તકોનો અભ્યાસ કર્યો હશે, અને એમનાં મંતવ્યો જોયાં હશે, તે આ અવતરણોમાં એ મંતવ્યનો સ્વાદ લઈ શકશે, એનું સ્મરણ તાજું કરી શકશે.

મુંબઈ
તા. ૬-૪-૪૭

રામનારાયણ વિ. પાઠક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલા અને સાહિત્ય

કલાત્મક કૃતિમાં જ દર્શન પરમ તત્ત્વને સ્પર્શે છે.

*

સાહિત્યનું ખરું અને એકમાત્ર ધ્યેય સરસતાનું સર્જન છે.

*

શુદ્ધ સાહિત્ય તો સાહિત્ય માટે જ હોય છે.

*

સર્જન એ જ સર્જનનો હેતુ ને નિયમ બને છે.

*

સરસતા એ જ કૃતિને સફલ કરે છે, અને નિયમમાં આણે છે.

*

જે કથન કથનની સરસતા માટે ઉદ્ભવે તે જ શુદ્ધ સાહિત્ય, તે જ શિષ્ટ સાહિત્ય.

*

સચોટ અને સરસ કથન તે સાહિત્ય. સ્પષ્ટ અસર કરે અને રસિકતા સંતોષે તેવું કથન તે સાહિત્ય.

*

જે કથન સ્વયંભોગ્ય હોય તે જ શુદ્ધ સાહિત્ય કહેવાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરું સાહિત્ય તે તો શિષ્ટ હોય તે જ; એટલે, જે એક જ વખતે સરસ અને સચોટ હોય તે.

*

સાહિત્યે સરજાવેલી સૃષ્ટિ કલ્પનાપ્રધાન છે પણ કાલ્પનિક નથી, જૂઠી નથી.

*

ચંચલ તત્ત્વો સાહિત્યનો દેહ ઘડે છે; જ્યારે એનાં અચલ તત્ત્વો એનો પ્રાણ છે; તેના વિના કૃતિ સાહિત્ય નથી, માત્ર કથન છે.

*

અચલ તત્ત્વો અને ચલ તત્ત્વો વચ્ચેનો ભેદ એટલે શુદ્ધ સાહિત્ય અને સાહિત્યનામી સાહિત્ય વચ્ચેનો ભેદ.

*

સાહિત્યના મૂળભૂત સ્વરૂપના અભ્યાસ અને આલેખન વિના આપણી વિકારી દૃષ્ટિ નિર્મળ બનતી નથી.

*

સાહિત્યની સરસતા.....સત્કારવાની શક્તિ એ એક પ્રકારની દીક્ષા છે; અને તે સાહિત્યસ્વામીઓને ચરણે દીનભાવે બેસવાથી જ આવે છે. એની કદર વિરલ રસિક જ કરી શકે. સામાન્યો કદર ન કરી શકે તેથી શિષ્ટતાની મહત્તા ઘટતી નથી.

*

સાહિત્યની સૃષ્ટિમાં રંગ, દેશ કે ધર્મના ખંડો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલા ને સાહિત્યમાં રહેલી સરસતા પારખવાની ઉત્કંઠા ઘણા રસિક માણસોમાં મંદ હોય છે.

*

સાહિત્ય—શુદ્ધ સાહિત્યની આપણે સેવા કરવી, ભક્તની દીનતાથી; કારણ કે તેમાં દેવોને અમર કરતી સંજીવનીનો રસ રહ્યો છે.

*

શુદ્ધ સાહિત્ય સામુદાયિક પેદાશનું પરિણામ નથી; એ સાહિત્યની પેદાશ ને કદર પ્રચારકો અને સર્વસત્તાધિકારીઓના આદેશોથી અસ્પૃષ્ટ છે. એ તો કોઈ સુભગ સાહિત્યસ્વામીની કલ્લોલતી કલ્પનાશક્તિની લહાણ છે.

*

ભાવના કે અપૂર્વતા, સૌંદર્ય કે રસથી કોઈ વ્યક્તિ, સમાજ કે સંસ્કાર બગડે એ અશક્ય છે.

*

શિષ્ટ સાહિત્ય અને તેની ભાષા એ બજારનો વિષય નથી. સામાન્ય જનતાને કદી એ સુગમ નહિ થાય.

*

સાહિત્યની પુનર્ઘટનાનું મૂળ એ સાહિત્યોના સંપર્કમાં હોય છે.

*

વાસ્તવિક જીવનની સામગ્રી વડે લોકસાહિત્ય રચાય છે. ભાવના-પ્રધાન કલ્પનાથી સમૃદ્ધ બનેલી રસવૃત્તિ શિષ્ટ સાહિત્ય ઘડે છે. એ બે સાથે વણાય ત્યારે સાહિત્યનું નવસર્જન થાય. એ નવસર્જનને પરિણામે સાહિત્યક પુનર્ઘટના—Literary Renaissance પ્રગટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહિત્યની સમૃદ્ધિનું એકીકરણ થવાથી સર્જકશક્તિ અને રસવૃત્તિ બંને પોષાય છે.

*

આત્મોર્મિનું કથન એતો પંખીના કિલકિલાટ જેવું નૈસર્ગિક ને પ્રયત્ન વિનાનું હોય છે.

*

સાહિત્યસ્વામી સર્જે છે—સર્જનના અણુદમ્ય ઉલ્લાસમાં.

*

કવિહૃદય એટલે માનવતાનો ઊકળતો જ્વાળામુખી.

*

જે કવિતા આપણે રસથી વાંચીએ છીએ તે ઊકળતા રસના તરંગો છે, સ્થિર સહરાની ધૂળ નથી.

*

સ્વાનુભવ વિના સાહિત્યમાં પ્રાણ નથી એ વાત જૂની છે, છતાં લેખકે લેખકે નવી છે. એ વાતને વીસરી જનાર કદી પ્રાણવાન સાહિત્ય લખી શકતો નથી.

*

સાહિત્યનો એક માત્ર ઉદ્દેશ—એક પૂરું કર્તવ્ય—કર્તાનો સ્વાનુભવ સરસ ને સચોટ કથનમાં મૂર્તિમાન કરવાનો છે.

*

સાહિત્યનાં બે અવિયોજ્ય સ્વરૂપ છે. એક રૂપે એ કર્તાનો સ્વાનુભવ વ્યક્ત કરે છે, બીજે રૂપે એ સ્વાનુભવનું વાચકને દર્શન દે છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દૃષ્ટિએ એ કર્તાના અંતરનું શાબ્દિક સર્જન છે, બીજી દૃષ્ટિએ એ વાચકને દેખાતું શાબ્દિક ચિત્ર છે; એક દૃષ્ટિએ સાહિત્યસર્જન છે, બીજી દૃષ્ટિએ ચિત્ર છે.

*

સર્જકતાનું રહસ્ય...સાહિત્યકારના સ્વાનુભવમાં છે, પાત્રો કે પ્રસંગોના ખરાપણામાં નથી.

*

કવિઓ બે દૃષ્ટિએ પ્રકૃતિને નિરખે છે. કેટલાક કવિઓ પ્રકૃતિનું અંતર વાંચવા પ્રયત્ન કરે છે. ઝાડમાં, પર્વતમાં, પુષ્પમાં, ચન્દ્રિકામાં રહસ્યોનું આરોપણ કરે છે; એ રહસ્યોમાં રસદર્શન કરે છે અને રસદર્શન વડે પોતાની ઊર્મિઓનો અર્થ કરે છે. બીજાઓ સૌંદર્યની સતત શોધ કરે છે. તેમની સાશ્ચર્ય આનંદ અનુભવવાની જીવંત શક્તિ પ્રકૃતિનાં સૌંદર્યને લાડભર નિરખે છે, પંપાળે છે—જેમ કોઈ પ્રિયતમાના સૌંદર્યને નિરખે ને પંપાળે તેમ.

*

સાહિત્ય હવે દિવસે દિવસે સ્વાનુભાવિક કલા થાય છે.

*

આત્મકથનના અણુદબાયલા અભિલાષમાં જ કાવ્યમાત્રનાં મૂળ છે.

*

ભાષાદ્વારા કંઈ પણ વ્યક્ત કરવું હોય તે વાચા વડે કે લેખિનીથી થઈ શકે. એ વ્યક્ત કરવાની ક્રિયા તે કથન. કથન હોય તે સાહિત્ય બને. જ્યારે કથનમાં બીજાં ગૌણ બને ને સચોટતા ને સરસતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દો દ્વારા—વાંચેલા હોય કે સાંભળેલા—વ્યક્ત થાય ત્યારે તે કથન મટી સાહિત્ય બનવાને લાયક થાય.

*

જેના હૃદયમાં 'કથનકાર' થવાનો ઉલ્લાસ હોય, જેના મગજમાં રસવૃત્તિ નવી સૃષ્ટિ સરજાવી રહી હોય, તેણે તો પ્રણાલિકાધર્મ ત્યાગી પોતાનો 'સ્વધર્મ' જ વિચારવો જોઈએ.

*

સ્વભાવની રંગસમૃદ્ધિ વિના કૃતિ રચાતી હોત તો દરેક અરજી લખનાર સાહિત્યકાર બની જાત.

*

જેને ગામડાંઓ વિષે સાહિત્ય સર્જવું હોય તેણે શહેર છોડી ગામડાંઓમાં જ સ્વાનુભવ લેવો જોઈએ.

*

લોકસાહિત્યનો પહેલો અર્થ અસંસ્કારી અને બિનકેળવાયેલી જાતિઓનું કંઠસ્થ સાહિત્ય. એમાં એ જાતિઓના વિચાર, ભાવ અને કલ્પના વણાયેલાં હોય છે.

*

ગ્રામજીવન પર રચેલું સાહિત્ય પણ સાહિત્યના સંસ્કાર ને સ્વાનુભવનો પ્રાણ હોય તો જ સાહિત્ય બને છે.

*

પરોક્ષ સાહિત્યમાં વ્યક્તિત્વ નિરૂપણ કરવું એમાં સાહિત્યકારની સર્જકતાની કસોટી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી સૃષ્ટિ વાચકને જેમ જીવંત લાગે, મારાં કલ્પનાનાં સંતાનો માનવતાથી તરવરતાં જણાય તો જ મારી સર્જકતા સફળતા પ્રાપ્ત કરે; અને જો મારી સરજેલી સૃષ્ટિનાં સ્ત્રીપુરુષોમાં વાચકની કલ્પનામાં ઘર કરવાની શક્તિ હોય તો તે શક્તિમાં જ અસ્તિત્વમાં આવવાનો એમનો અધિકાર સિદ્ધ થઈ જાય છે.

*

મારો રસ જીવનના છે એવા ખેલમાં રહ્યો છે, નથી રહ્યો ડહાપણે ઘડ્યાં ધોરણોમાં, ને નીતિએ ઘડ્યા સિદ્ધાંતોમાં.

*

પોતાના અનુભવની, આંતર્વ્યથાની, પરિચયની ભઠ્ઠીમાં તપ્યા વિના નવલકથા કે ઇતિહાસનાં પાત્રો બોલી, ચાલી કે જીવી શકતાં નથી.

*

આજે વર્ણનાત્મક નાટ્યપદ્ધતિની નવલકથા ગુજરાતી સાહિત્યકારો રચવા લાગ્યા છે પણ આંતર્વિકાસ દર્શાવતી નવલકથાનું સ્વરૂપ લેખકોને સાધ્ય નથી ને વાચકોને સ્વીકાર્ય નથી.

*

આજે આપણી રંગભૂમિ નાટ્યકલાની કબર પર રચાઈ છે.

*

ગુજરાતમાં નાટ્યવૃત્તિ--dramatic sense-બહુ ઓછી છે; આજથી નહીં, પહેલેથી.

*

ઇતિહાસ સાહિત્યની એક કલાત્મક કૃતિ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણ્યાં ને અજાણ્યાં અર્ધસત્યો ને અસત્યો પર ઇતિહાસ રચાયો છે; અને બીજી રીતે એને રચવો શક્ય પણ નથી.

*

લોકજીવનની સળંગ કથા તે ઇતિહાસ.

*

સાહિત્ય, વિચાર ને સંસ્કાર જે લોકજીવનનાં અંગ છે, તેનું સ્થાન તો ઇતિહાસમાં હોવું જ જોઈએ.

*

માનવતાનું નિરૂપણ કરાવનાર સાહિત્યનો એક પ્રકાર જીવન-ચરિત્ર છે.

*

શબ્દબ્રહ્મનો જે કોઈ ઉપાસક કોઈ પણ વ્યક્તિના શબ્દચિત્રનું સર્જન કરતાં એ વ્યક્તિના જીવનપ્રસંગો ઢાંકે, સુધારે કે બગાડે તો તેમાં તે એટલે અંશે પોતાના ધર્મથી ચ્યુત થાય છે.

*

પોતાનાં ને પારકાનાં અંતરોની ગુહ્યાત્ ગુહ્યતરં પૂંજીને જગત આગળ શા માટે મૂકવી? એ જગતની આગળ મૂકવામાં લેખકની નફટાઈ કે નબળાઈ?

*

કલ્પનાચિત્ર રચવાની શક્તિમાં કલાનું મૂળ છે.

*

અસર કરે તે શૈલી; ને અસર કરે ને સરસતાની પ્રતીતિ કરાવે તે શિષ્ટ શૈલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરો કવિ તો તે કહેવાય, કે જે દરેક કવિતાની પદ્ધતિમાં એકકો ગણાય, દરેક રસ એક જ રીતની સરલતાથી ઉભરાવે, દરેક ખૂબીને કલમની અણી પર ધારે.

*

અસ્ખલિત રસ પેદા કરવાની શક્તિ એ જ કથાનો આત્મા.

*

હું માનું છું કે વર્ણનાત્મક શબ્દચિત્રો કરતાં દર્શનાત્મક શબ્દચિત્ર વધારે સૂચક છે.

*

શબ્દનો અર્થ એક વસ્તુ છે; એણે સૂચવેલો અર્થ એ તદ્દન નિરાળી વસ્તુ છે.

*

સાહિત્યકારનું ક્ષેત્ર શબ્દોનો અર્થ કહેવાનું નથી, પણ શબ્દો વડે સામાન્ય અર્થથી જુદો એવો પ્રભાવશાલી ને સૂચક વિશિષ્ટ અર્થ અન્યમાં સંક્રાન્ત કરવાનું છે.

*

શબ્દની સૂચકતા ને માધુર્ય શુદ્ધ સાહિત્યનાં અચલ તત્ત્વો છે.

*

બધા અલંકારો શબ્દચિત્ર રચવા જતાં પ્રગટે છે. એ શબ્દચિત્રોનું વર્ગીકરણ એ અલંકારનું શાસ્ત્ર.

*

ભારતનું સાહિત્ય એક છે કારણ કે એના સંસ્કારો વિભિન્ન નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદનું સાહિત્ય એક હતું, એક છે, અને એક રહેશે.

*

વ્યોમના અસંખ્ય તારા ગણવાની ઉતાવળમાં અજ્ઞાનીઓ એમની તાલબદ્ધ ગતિ પારખી શકતા નથી, તેમ જ વિશાળ અંતર, ભિન્ન લિપિ અને ભાષાઓના ભેદમાં ભારતીય સાહિત્યમાં રહેલી મૂળભૂત એકતા પણ ઘણા જોઈ શકતા નથી.

*

સંસ્કૃતની મદદ વડે દશકે દશકે, છેલ્લાં બે હજાર વર્ષો થયાં, દેશભાષાના પ્રકાર પાછા વિકસ્યા છે. એટલે આજની...ભાષાઓ પર સંસ્કૃતનું પ્રાધાન્ય આકસ્મિક નથી, સ્વાભાવિક છે.

*

વાસ્તવિક જીવનનું ચેતન શોધતી રસવૃત્તિ દેશભાષાઓ દ્વારા અનુભવ દર્શાવવાનો પ્રયત્ન કરે છે.

*

બીજીથી આઠમી સદી વચ્ચે હિન્દની બધી દેશભાષાઓના સાહિત્યવણાટમાં લોકકથા ને લોકગીતનો વાણો હતો અને સંસ્કૃત પૌરાણિક સાહિત્યનો તાણો હતો.

*

આપણું જીવન આપણી માતૃભાષા દ્વારા જ ખરેખરું વ્યક્ત થાય છે. સર્જન સરલ, સચોટ ને કલાત્મક પણ ત્યારે જ બને છે.

*

સંસ્કૃત ભાષાએ પ્રાન્તીય ભાષાઓને જે સમૃદ્ધિ અને એકતા આપ્યાં છે, તેના વડે જ રાષ્ટ્રભાષામાં પ્રગટેલા સાહિત્યમાં એકતા અને સમૃદ્ધિ આવશે, બીજી રીતે નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાલિદાસ માત્ર એક જ કવિ છે કે જેની વિગતભરી ઉપમામાં પણ સચોટ ચિત્ર દોરવાની અદ્‌ભુત શક્તિ હોય છે.

*

કવિવર ટાગોરની કૃતિઓએ દરેક પ્રાંતના કવિઓને એમની રીતે રસ ગુંજતા કરી મૂક્યા છે. મહાત્માજીના લેખોએ આખા દેશના ગદ્યલેખકોને નવી શૈલીને સપ્રમાણુતા અને સંયમનો આદર્શ આપ્યો.

*

ગાંધીજીપ્રેરી પ્રવૃત્તિઓએ ભાષા અને સાહિત્ય બન્નેને સમૃદ્ધ કર્યાં છે.

*

સાહિત્યકોનાં પરસ્પર વેર એ મનુષ્ય સ્વભાવની કરુણ કહાણી છે. સપ્રમાણુતા વિનાના હોવાથી એમને શાબ્દિક પ્રહારો કર્યા વિના ચાલતું નથી, અને તે પણ દ્વેષ વિના કરી શકતા નથી, વૈમનસ્ય વિના ઝીલી શકતા નથી.

*

साहित्यकार तो स्वतन्त्र स्रष्टा है। नीति, विवेचन, लोकमत, राजमत या नेतामतकी एङ्गालीएँ इसे स्पर्श करती नहीं। उसकी कल्पनाके पक्षच्छेदन करनेका किसीको अधिकार नहीं। उसकी दृष्टि तो अपेय काल पर पड़ती है, उसे संकुचित करनेका किसीको अधिकार नहीं। उसके हृदयमें वरसती सरसता ही पूजाकी पात्र है। अपने हृदयको चीर कर देखना और दूसरोंके निरीक्षणके लिए उसे मूर्तिमान् कर दिखानेमें ही उसका मोक्ष है। जो साहित्यकार इस आदर्शसे च्युत होता है वह नट, विट और गायककी भूमिका पर है। जो उसे श्वास और प्राण गिनता है उसे ही साहित्य स्वामियोंकी प्रेरणाका अधिकार है।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Quivering emotion and a powerful effort of the imagination founded on faith, these only can give the artist the vision of perfection which leads to a higher stage of self-fulfilment.

*

The true artist is and must be a law unto himself--- True art egotistical. It "seeketh but itself to please." It is not an instrument. It has a mission of its own.

*

The Creative faculty is a great trust, a sacred burden.

*

The soul of pure literature is Beauty.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનમીમાંસા

જીવન એટલે વિશુદ્ધ આનંદ, જીવન એટલે સંસારનાં ભરતી-ઓટથી પર એવી ભાવનાઃ આ આર્યસંસ્કારની મહાન વિશિષ્ટતા છે.

*

કલ્પના અને જીવનનાં વૈવિધ્ય માણવાની રસિકતાથી કોઈએ શા માટે શરમાવું ?

*

મારા સ્વભાવ પ્રમાણે જ—મારી રીતે જ જીવન જીવું એ જ મારું ધન છે. બાકી બધું મિથ્યા છે.

*

ગાંધીવાદ સ્પષ્ટ કહે છે કે, વિકાસ પામેલું વ્યક્તિત્વ અને સંકલ્પજન્ય સમુદાય એ સાથે રહી શકે છે.

*

સૃષ્ટિમાં એવું કોઈ ભાવનાનું શિખર નથી કે જ્યાં અભ્યાસ અને વૈરાગ્યથી નહિ પહોંચાય.

*

બધી માનવતા અને મહત્તા મનુષ્ય જે કાંઈ છે તેમાં નથી હોતી, એ જે કંઈ સાધે છે તેમાં નથી હોતી; એ તો હોય છે અંતરનાં મંથનોમાં—સરસતા, સંવાદ કે વિસંવાદમાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તરોત્તર વધારે આત્મવાન થવાની ક્રિયા—ભાવના એ જ બધાના જીવનની મુખ્ય ક્રિયા છે. આ ક્રિયાથી પ્રૌઢતર વ્યક્તિત્વ મેળવ્યે જવું એનું જ નામ આત્મસિદ્ધિ.

*

આનંદમાં પણ આનંદની વૃદ્ધિ આવકારદાયક હોય છે.

*

પૂર્ણતા આવતી જ દેખાય છે, પમાતી નથી.

*

ધન હોમે તે યજ્ઞ કરે; સમય ને શક્તિ હોમે તે પણ યજ્ઞ કરે: પણ સર્વસ્વ હોમ્યા વિના ખરો યજ્ઞ કદી ન થાય. સર્વસ્વ હોમે તે જ યજમાન ને ખરેખરો સ્રષ્ટા.

*

આદર્શ એ જ શાસક; દેહ તો દાસ છે. આત્માની આજ્ઞા જે પાળે નહીં ને આદર્શનો વિકાસ રોધે, તે દેહ તો પડવા જ દેવો.

*

સતત સેવેલી સત્તાકાંક્ષા, નિશ્ચલ ને અડગ પરાક્રમે સેવેલો પ્રભાવ એ જ આ માનવતાની ખરી પ્રેરણા.

*

આત્મશ્રદ્ધા પેદા કરે એવા શિક્ષકથી બીજો કયો શિક્ષક ચડે?

*

જગત જીતવા નીકળું ને જિતાયેલું જગત હું મારું ન કરી શકું તો તેનો અર્થ શો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ જીવન ગાળે ઘર વેચવામાં, ને કોઈ બજાર વેચાતું લાવવામાં.

*

જે જીવન ઉન્નત કરે તે વિજય, જે ન કરે તે પરાજય.

*

પરાજયમાં ધીરજ રાખવી એ વીરનું કામ છે.

*

જ્યાં શ્રદ્ધા ને ઉત્સાહ છે ત્યાં પરાજય કદી હોય નહીં.

*

પરાજય તો મહાન છે. હું તો એને સદા સામે ભેટતો આવ્યો છું. એ વિપત્તિ વીરોને તાવે છે, તેમનું કાંચન પ્રગટાવે છે. એમાંથી જ સામાન્યો છૂટા પડે છે ને અધોગામી બને છે, અને શૂરો અલગ થઈ ઉન્નત્ત માર્ગે વિહરે છે.

*

રાજ્ય આવે છે ને જાય છે; વિજય મળે છે ને ચાલી જાય છે; પણ કીર્તિને લાગેલા ડાઘ કદી જતા નથી.

*

જમાનો બદલાયો, પણ મનુષ્યનાં હૃદયો કંઈ બદલાયાં છે?

*

પ્રેત સમાન જીવ્યા કરતાં, જીવન્ત સમાન મરવું સારું.

*

પૂજ્યભાવ એટલે કદર; પ્રણાલિકાવાદ એટલે અંધશ્રદ્ધા. પૂજ્યભાવ એટલે અસ્મિતા અને સ્વમાન વિકસાવવાનું એક બલ; પ્રણાલિકાવાદ એટલે આપણી અલ્પતા કે અધમતા પૂરવાર કરવાનું એક સાધન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રણાલિકાવાદનો તંતુ માનવમગજમાં ઘણું જ ઊંડું ઘર ઘાલી બેઠો છે.

*

માણસ ભલે ગમે એવા કૃત્રિમ નિયમો કરે, પણ મનુષ્યસ્વભાવની મહાશક્તિ આગળ તે પળવાર ટકે નહિ; આપણાથી પાળ બંધાય કે બહુ બહુ તો નદીનો પ્રવાહ ખાળી શકાય; પણ તેની વચ્ચે આડા થઈ ઊભા રહેવાય? એમ કરવા જઈએ તો આપણે પોતે ઘસડાઈ જઈએ.

*

જે વસ્તુ આજે નવીન કે ખરાબ લાગે છે તે કાલે વાસ્તવિક લાગે છે; વર્ષે બે વર્ષે યોગ્ય લાગે છે; પાંચ વર્ષ રહીને પવિત્ર લાગે છે; પચાસ વર્ષ રહીને તે સનાતન ને સૃષ્ટિના આધારરૂપ લાગે છે; હજાર વર્ષે તે લગભગ બ્રહ્મપદને પામે છે, અને તેનાથી વિરુદ્ધ કંઈ કલ્પી શકાતું નથી. તેના વિના બ્રહ્માંડ પડી જશે એવો ભાસ થાય છે.

*

વિધિઓ માનસિક સંસ્કારો પોષી, ભૂતકાલને સજીવન કરી, સંસ્કૃતિને સુદૃઢ કરે છે.

*

મરી ગયેલા એ વડદાદા નથી. જીવતાજાગતા પિતા છે; એ મારા તર્પણની વાટ જુએ છે: આ કલ્પનાની પિતૃભક્તિ જીવનની એક સમૃદ્ધિ છે, આત્મશ્રદ્ધા પ્રેરતી ભાવના છે, સજીવ સાંસ્કારિક બળ છે.

*

દુનિયામાં શું એવું સ્થળ ન મળે?—જ્યાં પૂર્વજન્મનાં મહેણાં ન હોય, ભાવિની ભીતિ ન હોય, જ્યાં આજ્ઞા માત્ર અંતરની, જ્યાં આંસુ માત્ર અધીરા પ્રણયનાં, જ્યાં મહેચ્છા માત્ર એકબીજાનાં મન રીઝવવાની.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન જીવવું એટલે મનુષ્યની સ્વાભાવિક શક્તિઓ અને વૃત્તિઓની કેળવણી અને સંતોષમાં–'સંસારી રસ'માં જ–સુખ માનવું તે.

*

દુનિયાની સ્વાર્થી પ્રવૃત્તિઓમાં પણ કાવ્યમય જીવનનાં અમૂલ્ય ઝરણાં વહે છે.

*

હિન્દુસ્તાનનો સૂર્ય મનુષ્યોને, મનુષ્યોના હૃદયોને, બુદ્ધિને વહેલાં પકવે છે. જે ઉંમરે બીજા દેશોમાં બાલચેષ્ટા થાય છે, તે ઉંમરે આપણા દેશમાં ગંભીર ભાવો પ્રગટે છે.

*

બીજાના જીવનની વિગતોમાં વચ્ચે પડવાનો જેઓ ધર્મ માની બેસે છે તેમની સોબત અવરી થઈ પડે છે.

*

જગત જ્યારે પોતાની કક્ષા ભૂલી, બીજી વ્યક્તિઓનાં ગુણદોષનાં રજકણોની તુલના કરવા બેસે છે, ત્યારે એની નગ્ન ક્ષુદ્રતાના પ્રદર્શન સિવાય બીજું કંઈ ફલિત થતું નથી.

*

માણસથી પરમેશ્વર જેટલા મોટા તેટલો તેમને જગાડવાનો ઘોંઘાટ મોટો. ખરેખર તેથી જ કોઈ કોઈ વખત ભૂખથી, દુઃખથી અશક્ત થએલાં નિરાધાર પ્રાણીઓની નબળી આજીજી પરમેશ્વર સાંભળી શકતા નથી.

*

કૃપાળાં મોહાં ત્રણ ભુવનનું સત્યાનાશ વાળે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિમવાન ગૌરીશંકર જેવા વ્યોમચુંબી શિખરની શીતળતા ભવ્ય હોય છે, જાણે અજાણે આપણે તેને વખાણીએ છીએ. પણ ઘરના છાપરા પર તો નળિયાં હોય તો જ ફાવે; હિમાલય નહિ.

*

માણસની અધમતાના ઇતિહાસો છોડી કવચિત કુદરતને ખોળે જઈ બેસવું પણ જરૂરનું છે.

*

હિંદુ ગ્રેન્યુએટ એટલે એક અનુપમ વ્યક્તિ. તેની સ્થિતિ સૃષ્ટિમાં બધાથી ન્યારી અને અદ્‌ભુત. તેને કોઈની સહાય નહિ, તેને કોઈની દરકાર નહિ. દુનિયા તેની તરફ તિરસ્કાર બતાવે, અને તે પોતાના મનોરાજ્યમાં મહાલી દુનિયાને તિરસ્કારે.

*

સંસ્કારના ગર્વમાં કે સુઘરેલપણાની અક્કડાઈમાં શહેરીઓ હવે પહેલાંની માફક છૂટથી ગામડે જઈ કન્યા લાઈ આવતા અટકયા છે, અને નિઃસત્વ થતી શહેરી ઓલાદમાં ગ્રામરૂધિરનાં ખમીર ને જોમ આવતાં નથી.

*

मनोवृत्ति किस समय दूषित हो जाय इसे तो देवता भी नहीं बता सकते।

*

अशक्तिमान् निर्बल होकर साधु बन जाता है तो वह हत्यारा हो जाता है।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Unless speaking and living the truth is pursued as a religious duty, democracy would be a farce and life itself a fraud.

*

A nation's evolution can rightly be understood only by those who can appreciate the genius behind its historical development.

*

Stern self-control characterizes Gandhiji's soft speech which turns away wrath; truth and sweet reasonableness are its normal conditions.

*

Human life is one. It cannot be divided into compartments. And no one can evade his responsibility to life as a whole by claiming that he is devoted to a part of it.

*

The joy which absolute values in life bring does not spring from the speed with which you acquire the value, but from the perfection you reach in acquiring it.

*

I longed for a system and a civilization in which my soul and my country could find a true expression.

*

No strong man loses his strength by coveting the co-operation of everyone who is willing to join him.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Truth is not correctness of facts or logical accuracy of views; it is thought, word and deed welded in harmony.

*

Creative resistance is the secret of perpetual youth.

*

Solitude is the twin brother of Silence. It is the gratest stimulant to the growth of personality if it does not lead to vegetation.

*

In the shifting habits of mankind the Law of Moral Causation is the one unalterable force which supports the Moral Order.

*

To be able to cheer up others, to entertain people in their moments of depression, to radiate the sunshine of strength, joy or inspiration to those who come into contact with you, these are services of the highest order.

*

God comes into a man's life only when he is ready to receive Him.

*

Moments come in every man's life when he may not, dare not, evade duty. Death in the discharge of such a duty becomes an unfading crown of glory which heroes alone can wear.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

The ultimate source of power is the strength of human spirit, not the strength of the instrument which it wields.

*

University education, if it provides a new up-to-date sheath for the Idea—that the goal of human effort is the absolute integration of the human personality—is a necessity. If it kills the idea, it is a trap of death.

*

History knows of a Buddha preaching his gospel of Nirvana far and wide in the course of a long life and a Peter, the Hermit, delivering his fiery message of the Crusade across Europe; but this generation has seen with its eyes what centuries have found it difficult to imagine; a Prophet, by his inspiration, stimulating the conscience of so vast and slow-moving a society as the Hindus, and reshaping the life of millions.

*

All accomplishment is the mental image come true by concentrated resistance to all alien influences.

*

The greatness of a man is not in what he does, but in what he was and has since become. To "become", then, is infinitely higher than to "do". To be thoroughly "oneself" is higher service than serving others.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Personality presupposes a unity of mind, a power of concentration, a fixed determination, which pursues its object steadily, without wavering or tiring.

*

God abides in the man who not only reads his gospel, but reads and repeats it till his attitude towards life is imperceptibly shaped through it.

*

A dangerous life is far nobler than one of passive insipidity.

*

In normal instincts and motives, intensified by an ideal and purified by readiness to suffer for it, lies the secret and strength of power.

*

Love is supreme law; and so is Beauty. Both attain perfection, one in inseverable unity of man and woman, the other in endless joy.

*

Beauty in life, as in literature, lies only in attempts to achieve "Becoming" of ever-growing magnitude.

*

The destiny of man lies in his perfection by individual growth.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Cultural values are permanent; they are an end in themselves. Civilization is the garb of life; only the means to lead an efficient life.

*

Towards all great things and men, a true student must be reverential; towards teachers, respectful; towards knowledge, humble.

*

However much we may disapprove of Varnashrama-dharma in the light of our modern needs and outlook, it remained and remains the expression of the collective will of Indians through ages; and Indian history without an appreciation of this vast social synthesis is a soulless bundle of dry twigs.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્યત્વ—સંસ્કૃતિ

ધર્મ અને નીતિ

ધર્મનો હેતુ ઉપાસના, મોક્ષ ને ધ્રુવપ્રાપ્તિ છે.

*

સૌની સ્વભાવજન્ય વૃત્તિઓના સર્વાંગસરસ વિકાસમાં જ આત્મસિદ્ધિ—મોક્ષ—રહ્યો છે.

*

અસત છે સર્વ, સત છે માત્ર એક: મારા અવિભક્ત આત્માની પરમસિદ્ધિ.

*

પોતાના જ સ્વભાવને લાક્ષણિક મહાશક્તિમાં ફેરવી નાખવો એ જ આર્ય માનવતા.

*

આત્મસિદ્ધ થવાની ઇચ્છા એટલે વધારે સંપૂર્ણ ને સંવાદી જીવન જીવવાની ઇચ્છા—પોતાના સ્વભાવમાં જે કંઈ છે તેને જ મૂળભૂત સામગ્રી ગણી તેને જ સમૃદ્ધ કરવાની ઇચ્છા. આ ઇચ્છાનું ધ્યેય નિરંતર વધારે ને વધારે વિકાસ સાધવાનો તલસાટ છે.

*

જેને માટે આત્માનો ઉલ્લાસ રોધવો પડે, આદર્શની સિદ્ધિ ત્યાગવી પડે, એ મંદિર નહીં પણ કારાવાસ. જેને માટે પૂર્વજોનો મંત્ર વીસરવો પડે એ મંદિર નહીં—એ તો આત્માનું વધસ્થાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવનાની ઉત્તરોત્તર સિદ્ધિમાં જ રહ્યો છે અવિભક્ત આત્માનો નિર્માણપંથ.

*

હું કમાઉં છું, હું હરું ફરું છું, હું લખું છું; માત્ર તેમાં વિકાસ નથી, મહત્તા નથી. હું શું હતો અને આજે શું છું એનું માપ એ જ મારી મહત્તાનું માપ.

*

'કરવું' તેના કરતાં 'થવું' એ જ ખરી વસ્તુ.

*

જેના વડે મનુષ્ય જીવે છે તે સંસ્કૃતિ નથી; જેને માટે મનુષ્ય જીવે છે તેનું નામ સંસ્કૃતિ.

*

માનવી એ તો આર્યત્વને પંથે દેવત્વ પામવા સર્જાયો છે.

*

ચિત્તવૃત્તિનો માત્ર નિરોધ નકામો છે. ભાવના—હું કેવો થવા મથું છું તેનું સંપૂર્ણ કલ્પનાચિત્ર—becoming—વગર નિરોધના પ્રયત્નમાં સફળતા નહિ આવે.

*

મૌલિક સિદ્ધાંતો નિશ્ચળ રહે ત્યાં સુધી બધાં પરિવર્તનો અપનાવી શકે એ હિંદુ સંસ્કૃતિની લાક્ષણિકતા.

*

યોગી અથવા યોગાભ્યાસની ઇચ્છા રાખનારને ભૂતકાળ હોતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યાં તપસ્વી નથી ત્યાં પુણ્ય નથી ને જ્યાં પુણ્ય નથી ત્યાં વિજય નથી.

*

શ્રોત્રિયને જ્યાં તપ ને સ્વાધ્યાય મળે ત્યાં સ્વદેશ.

*

શૌર્ય ને આર્યત્વ એક જ—વિદ્યા તપ ને ધર્મનું મૂલ.

*

જ્યાં આર્યત્વ ત્યાં આર્યાવર્ત.

*

મિથ્યા અભિમાનથી નહીં, સામર્થ્યથી જ આર્યત્વ સચવાય છે.

*

જે સંસ્કૃતિ ને સાધનસંપત્તિને માનવગૌરવ માટે માન ન હોય, જેની રચેલી વ્યવસ્થામાં માનવગૌરવ સ્વતંત્રતાથી સ્વધર્મ આચરી ન શકે, તે વ્યવસ્થાને 'સંસ્કૃતિ' કહેવી એ શબ્દભ્રમ છે.

*

સર્વવ્યાપી અને દુર્ધર્ષ ભાવનામયતા વડે સાધનસંપત્તિનો ઉપયોગ કરવો, તેમાં જ આર્યાવર્તની અમર કારકિર્દીનું રહસ્ય રહ્યું છે.

*

દુનિયામાં પદવી, પૈસો કે બહાદુરીથી શ્રેષ્ઠતા નથી મળતી... પહેલાં સંસ્કાર અને શુદ્ધતા જોઈએ.

*

આર્યસંસ્કૃતિ એ માત્ર જીવનની સાધનસમૃદ્ધિ નથી...સંસ્કૃતિનું મૂળ તો ઐતિહાસિક સાતત્યના ભાનમાં—હિંદી એકતાની પ્રતીતિમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે પ્રજામાં પોતાના સંસ્કારને વળગી રહેવાની શક્તિ નથી, તે પ્રજા આત્મવાન્ નથી.

*

જે સંયમ ખુએ છે તે અધોગતિ પામે છે.

*

જગતને જોવાને સ્વીકારેલો તે સંયમ નહિ, આત્માનો સંયમ તે આત્માને જ માટે.

*

શુદ્ધિ વિના સુખ નથી ને તપ વિના સિદ્ધિ નથી.

*

આર્ય જે તપ ને વિદ્યા મેળવે તે. આ દેહે ફરી જન્મે તે આર્ય. આ દેહે સંસ્કારજન્મ ન મેળવે તે અનાર્ય.

*

જ્યાં સંસ્કાર ત્યાં આર્યત્વ.

*

સંસ્કૃતિ એ જડસભ્યતા નથી.

*

વિશુદ્ધિ હોય ત્યાં અધર્મ હોય નહીં.

*

વૈરાગ્ય કેળવે ત્યારે માણસ સુધરેલો ગણાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસના સદાય તલસાવે છે, કદિ સંતોષતી નથી.

*

વાસનાના ત્યાગની વાત સહેલ છે તેવી તેની સિદ્ધિ નથી.

*

નીતિમાન થવામાં રસ હોવો જોઈએ, ગણાવામાં નહિ.

*

ત્યાગ મોટો કે તૃપ્તિ ?...ત્યાગ મોટો—તૃપ્તિ નહીં.

*

સંયમ ને તપ મહાન છે, પણ તેથીય મહાન છે આત્મસમર્થનનું પરાક્રમ.

*

જ્યાં શ્રદ્ધા હોય ત્યાં જીવ વહાલો ન હોય.

*

યજ્ઞ વિના સર્જન નથી, યજ્ઞ વિના સૃષ્ટિ ટકતી નથી. બત્રીસલક્ષણો હોમાય નહિ તો પૃથ્વી નવપલ્લવિત થાય નહિ.

*

કોઈ પણ ભાવના સિદ્ધ કરવા માટે ખુશીથી આત્મસમર્પણ કરવું.

*

જ્યારે આત્મશ્રદ્ધા ચળે ત્યારે પરાજય આવે.

*

સ્તુતિની અપેક્ષા અને નિંદાનું દુઃખ જેને પોતાના વિચારમાં આત્મશ્રદ્ધા ન હોય તેને હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિજય તો ક્ષણુજીવી ફલ છે. આ પળે વિકસે, પેલી પળે કરમાય. એનાથી પર—ચિરંજીવ—તો છે આત્મશ્રદ્ધા, અણુનમ શક્તિની જનેતા. સમયબળ ને પશુબળથી પર.

*

અધર્મ, આચારમાં નથી, એમાં રહેલી દૃષ્ટિમાં છે.

*

વિદ્યાની સેવા નથી. તપનો સત્કાર નથી. સત્યનું શાસન નથી. જ્યાં એ ન હોય ત્યાં ધર્મ હોય ?

*

જ્યાં અધર્મ ત્યાં વિનાશ તો ખરોજ.

*

અધર્મના વિનાશાર્થે જેને ન મરતાં આવડે તે જીવ્યો શું ને ન જીવ્યો શું ?

*

ભગ્નગૌરવ બ્રાહ્મણુને પૂર્વજ કેવો ને ગામ કેવું ?

*

જો અધર્મ આચરાય તોજ દેવોની અવકૃપા થાય.

*

જ્યાં અધર્મ હોય ત્યાં વસવાટ શા કામનો ?

*

દયાહીના હૃદયને દેવ કદી દમતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવોના દુષ્ટાઓને ભૂમિ ભારે મારવાનો અધિકાર નથી.

*

દેવ માટે સર્જાય તે અને દેવની શોભાએ શોભે તે મંદિર; દેવના સૌંદર્યને અનુરૂપ દેહ તો આત્માની આજ્ઞા પાળે તે, આત્માનો આવિર્ભાવ સાધે તે, આત્માને રૂપરંગે શોભે તે. આદર્શસિદ્ધિ માટે આત્માનું વજ્ર બને તે દેહ.

*

ભક્તોને ભગવાનથી જુદા કરવામાં મહાપાતક છે.

*

અભિમાની માનવી દેવથી પણ ડરતો નથી.

*

જગતનો નાથ તો જે પોતાની માનવતાનો માલિક હોય તે, પોતાના જીવનનો વિશ્વકર્મા બની શકે તે, પોતાના સ્વધર્મને પંથ વિચરી પોતે જ પોતાનો શાસનકાર, પોતે જ પોતાનો નિયંતા થઈ શકે તે–બાકીનું બધું જૂઠાણું.

*

પ્રાપ્ય–અપ્રાપ્યની ચિન્તા કરીને આપણે આત્મશ્રદ્ધા ખોઈ બેઠા છીએ. પ્રાપ્ય માટે લડે એ માનવી. અપ્રાપ્ય માટે જે મથે તે મહાત્મા.

*

પ્રાપ્યતાની મર્યાદા શોધવામાં જ પરાજયના પાયા ચણાયા છે.

*

રાજા ને રાજરમતની મર્યાદાથી પર જેની દૃષ્ટિ ન હોય તે ઋષિ જ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે કર્તવ્યથી વ્યક્તિત્વ વધે તે જ સ્વધર્મ, ન વધે તે બધું અધર્મ.

*

તેજોમય ને પ્રતાપી બનેલી પોતાની સ્વભાવજન્ય વિશિષ્ટતા સાથે આર્ય તાદાત્મ્ય સાધે છે, ત્યારે ઇંદ્રના વજ્રની માફક, વિદ્યુતના બળની માફક તે એક પ્રાકૃતિક શક્તિ–elemental force બને છે. એ પોતાના સ્વભાવની–આત્માની જ વિશિષ્ટતાને પંથે વિચરે છે. मयि सर्वाणि कर्माणि કરી બધાં કર્તવ્યો પોતાની જ બુદ્ધિથી યોગ્ય ગણી તે યુદ્ધ કર્યે જાય છે–શ્રી, વિજય ને ભૂતિ મેળવવા; પોતાના સ્વભાવની સિદ્ધિ મેળવવા, પોતાને જ પોતાનો શાસનકાર, પોતાને જ પોતાની નીતિ, પોતાના સ્વભાવજન્ય ધર્મને જ સ્વધર્મ માનીને.

*

દશહજાર મહાત્માઓ હારે પછી એક ખરો વીતરાગી થાય.

*

વીતરાગ થવાની વાતો કરવી સહેલ છે પણ થવું એ કપરું છે.

*

માણસના દ્વેષને માત્ર ભયની સીમા છે–બીજી નથી. પોતાની મેળે પોતાના દ્વેષને સીમા મૂકે એવા મહાત્મા તો કોઈ એક જ થાય.

*

પાપ એટલે પતન. જે માણસ નિશ્ચલતાથી પોતાનું સ્વાસ્થ્ય સાચવે તે યોગી; જેને સ્વાસ્થ્ય સાચવતાં મુશ્કેલી નડે, જે જરાક સરે ને પાછો ઊભો થઈ જાય તે સદાચારી. આ સ્થિતિસ્થાપકતા ન સચવાઈ કે અનીતિની શરૂઆત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાપ અને તેનો બદલો ભિન્ન છે જ નહિ. બે વચ્ચે સમય ગમે એટલો વીતે પણ બે એકનાં એક જ રહેવાનાં.

*

भविष्यके पट पर दृष्टि डालते हुए हम विश्वासपूर्वक कह सकते हैं कि आर्यत्व अमर अजय है।

*

धार्मिक राज्यके लिये धर्मराज इन्द्र और गुरु वृहस्पति दोनों ही चाहिए।

*

जो अकिंचन होता है, तृष्णारहित होता है, उसे ही मैं ब्राह्मण कहता हूँ।

*

Indian education must prepare men and women fit for their task. It must make them Bharatiya, in spirit and outlook, true to the motherland, striving ceaselessly for the integration of their own personality and prepared for the day when the world would learn from them the rudiments of the supreme art of life, energy taught by the Masters.

*

Culture and intellect wedded to high idealism which loves to conquer by service must dominate society if human life is not to sink to the level of beasts.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમ

સૂક્ષ્મ દૃષ્ટિએ જોતાં પ્રેમની ભાવના વ્યક્તિસ્વાતંત્ર્ય પર રચાઈ છે.

*

પ્રણય એ તો નરનારીની પરસ્પર તન્મયતા.

*

હૃદયેહૃદયમાં પ્રતિધ્વનિ ન કરે તે પ્રણય નહિ.

*

દેહના આકર્ષણ વિનાનો પ્રણય એ તો સસલાનું શૃંગ : કલ્પાય પણ જડે નહિ.

*

બુદ્ધિના માત્ર સહચારમાં અર્વાચીનો ભલે પ્રણય શોધે; પણ એમ જડે તો સહાધ્યાયીઓ પ્રણયી કહેવાય. બે બુદ્ધિનાં સંઘર્ષણમાં પ્રણય સમાપ્ત થાય તો કેવો શુષ્ક ને અર્થહીણો ? પણ બુદ્ધિનો સહચાર નથી ત્યાં પ્રણય પણ વહેલો વાસી બને.

*

જેવો કર્મ, જ્ઞાન ને ભક્તિનો યોગ તેવો જ પ્રણયયોગ છે. સ્વરૂપ છોડી પરરૂપ બનવું, 'ભવ' નહિ પણ 'ભાવના'માં મચ્યા રહેવું એમાં જ સાક્ષાત્કારનાં રહસ્ય છે.

*

જ્યાં અન્યોન્ય પ્રેમલાગણીઓ ઉભરાતી હોય ત્યાં સુખની શી સીમા ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમની માલિકી હંમેશ ન્યારી હોય છે.

*

સ્મૃતિપૂજક, વિયોગી, પ્રેમના સંન્યાસીને મન શું ખરું—વર્ષો પહેલાં એક નજીવી પળે લીધેલું એક નાનકડું ચુંબન કે પચાસ વર્ષ સાથે રાખેલી, ન છૂટકે સ્વીકારેલી, સ્થૂલ દેહની સહધર્મચારિણી?

*

સાધારણ રીતે પ્રેમ વિના પરણવું એ ઘોરમાં ઘોર પાપ. પ્રકૃતિ-માતા તે સહૃદયને જ દિવ્યચક્ષુ બાંધે છે.

*

જે પળે આપણે ત્યાંથી સ્વયંવર ગયો, તે પળથી આપણા સંસારનું સત્યાનાશ વળી ગયું.

*

જ્યાં હૃદયમાં પાપ નથી, ત્યાં હૃદયના પ્રેમની પરિચર્યા બધી પવિત્ર જ છે.

*

સૃષ્ટિમાં પહેલો વિશ્વનિયમ તે પ્રેમ. પ્રેમ એટલે ખરા મનુષ્યત્વનો આરંભ.

*

પ્રણયવિહોણી લગ્નવિધિ એ તો માત્ર સંતાનની પ્રતિષ્ઠા સ્વીકારા-વવાની સમાજની મુદ્રા; પ્રણય સંરક્ષવાનું કાચલું,—જેમાં સંસારડાહ્યા-ઓની આત્મછેતરામણે પ્રણયને બદલે પશુવૃત્તિ પૂરી હતી તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે સંબંધ ચામડીની ચકમકમાં શરૂ થાય ને વિરમે તેને તો પશુય ન સૂંઘે.

*

મિત્રો મનમાનતા બને તો પ્રણયને કોઈ પૂજે નહિ.

*

શરીરનું તાદાત્મ્ય ને ભાવનો સંવાદ, અને આત્માથી આત્માની અમર એકતા સ્ત્રીપુરુષનો સંબંધ સરસ અને સનાતન રાખે છે.

*

પણ પુરુષોના પરસ્પર સ્નેહમાં એ અંશો સમાયા નથી; તેનાં બંધન તો હોય છે, સ્વાર્થ કે સહિષ્ણુતા, બાલસહવાસથી ઉદ્‌ભવતી ટેવ કે સમાનધર્મ પૂરતો સહચાર.

*

સુખ અને દુઃખમાં, જીવન ને મરણમાં એકાત્માના દર્શનાર્થ અડગ ને આકરાં વ્રત કરવાં એ પ્રણયતપ.

*

નિજનાં નિરાળાં સ્વરૂપ વીસરી જ્યારે બે દેહ, બે હૃદય ને સંવાદી જીવન એક જ આત્માએ પ્રેર્યું ચેતન દાખવે ત્યારે જ પ્રણય–સમાધિ પ્રગટે.

*

જો એકલતામાં સિદ્ધિ હોય તો બે જાતિ નીર્મી શા સારુ? પુરુષ ને સ્ત્રી એકલાં સદા અધૂરાં છે—સમયની સરિતામાં એકબીજાનાં અર્ધાંગ શોધતાં તણાય છે. ઘણીવાર આ શોધ નિષ્ફળ નીવડે છે. કોઈકવાર એકમેક માટે સરજાયેલાં અર્ધાંગો મળે છે—અંગ આખું થાય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને વિભક્ત આત્મા અવિભક્ત સ્વરૂપે પ્રગટે છે, ત્યારે જ તપશ્ચર્યા સંપૂર્ણ થાય છે.

*

મદન અદ્‌ભુત છે, મદિરાથી પણ વધારે મસ્ત બનાવે છે. એનાથી પ્રેરાયેલાં બે જણ શિવશક્તિ સમ કૈલાસે ચઢી જગત પર દયાભીની દૃષ્ટિ નાખવાની દરકાર કરતાં નથી.

*

પ્રણય ગાવો સહેલ છે. લેવો ને દેવો એ તો છે મહામોંઘો લહાવો.

*

પ્રણયના જપ જપનાર તો ઘેર ઘેર સાંપડે છે. પણ પ્રણય શોધતાં તો બધેય માટીના ચૂલા.

*

કામદેવનાં કેટલાંક ફરમાનને તાબે થવું પડે છે—જાણ્યે અજાણ્યે તાબે થઈ જવાય છે; અને તાબે થતાં થતાં તે માટે પશ્ચત્તાપ શરુ થઈ જાય છે.

*

માનિનીની મોહની સામાન્ય રીતે ન્યારી જ હોય છે; તે રીઝવે ત્યારે દુર્જેય થઈ પડે છે; પણ તે હાથે પીરસી જમાડે ત્યારે પૂછવું શું?

*

પ્રણયીની વાટ જોવી તેનાથી વધારે હૃદયભેદક અનુભવ જીવનમાં એક પણ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ લાવણ્યમયી બાલાને નિહાળવી એ પુરુષજીવનનો મોટામાં મોટો લહાવો છે.

*

છેડાયેલા નાગ કરતાં છેડાયેલો પ્રણયી ખોટો.

*

પ્રણયીની કલા પ્રતાપીને આવડતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનસશાસ્ત્ર

હિંસા કદી જીતી નથી, કદી જીતવાની નથી.

*

હિંસાનાં બી વાવે ઝેરનાં વન ઊગશે.

*

અહિંસાની ભાવના આપણા સામુદાયિક જીવનની એક મહાપ્રેરણા થઈ રહી છે.

*

દ્વેષ સળગે ત્યારે દ્વેષી થવામાં વીર્ય નથી—ત્યારે તો દ્વેષ જીતવામાં સામર્થ્ય છે.

*

આકર્ષણ એ મૈત્રીનું પ્રથમ પગથિયું.

*

મનુષ્યનાં દુઃખ અને અપૂર્ણતા અશાંતિમાંથી જ ઉદ્‌ભવે છે; અને અશાંતિનો વિનાશ કરવા બીજું બધું ન ગણતાં "आत्मन्येव आत्मना-तिष्ठ" રહેવું એ જ જરૂરનું છે.

*

જે જે બળો જીવન પર કાબૂ જમાવી બેસે છે તેમાં ભય બધાંથી કદરૂપું ને બધાંથી સૂક્ષ્મ, પ્રતાપી બળ છે.

*

જેણે જગત જીત્યું છે તેણે પહેલાં બીકને જીતી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોક બે પ્રકારનો હોય છે. એક માણસને દબાવી દે છે, આંસુ અને અવાજને માર્ગે બહાર નીકળીને અંતરને આશા, ધીરજ અને શક્તિ વગરનું કરી મૂકે છે. બીજા પ્રકારનો શોક રગેરગને ખેંચે છે. અને શરીરમાં તાત્કાલિક શક્તિ આણે છે. તે રડવા દેતો નથી; તે ફરીઆદથી દુનિયાના બહેરા કાન પર અસર કરવાનું નિરર્થક ધારે છે; અને ભયંકર ગાંભીર્યના પડદા પાછળ વિચારશૂન્યતા પ્રસારી મૂકે છે.

*

સમદુઃખીઆઓના સાહચર્યમાં નિરાશા સહેવી પણ સહેલ થઈ પડે.

*

આશ્વાસન શોધતા મિત્રને નમ્રતા, મીઠાશ કે પ્રેરણા મળતાં નથી, પણ અનુભવી, સંસારીની સચોટ પાકાઈ, ને તીક્ષ્ણ દૃષ્ટનો લાભ મળે છે.

*

સ્તુતિ મેળવવાની ઇચ્છા અને નિન્દા મેળવવાનો ભય આ બે જંજીરોથી આપણે સદાય બંધાયેલા રહીએ છીએ.

*

વખાણવું એટલે ઉત્કૃષ્ટ થતાં શીખવવું.

*

ગર્વ એ મનનો કોટ છેઃ બહારનો પ્રતાપ અંદર ન આવવા દેવાનું મુખ્ય સાધન છે; એમાંથી અંદર રહેતું મન નિર્ભય, તટસ્થ, સંતુષ્ટ રહે છે.

*

જે અનુભવ પછી તે જ અનુભવ ફરી કરવાની ઇચ્છા ન થાય તે તૃપ્તિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૃપ્તિ થાય કે ભાવનાની ક્રિયા અટકી પડે. જે તૃપ્તિને ન આવવા દે તે ક્ષણે ક્ષણે વિકાસ પામવાનો—અપૂર્વ થવાનો તલસાટ સેવ્યા કરે, તે તેને પરિણામે ભાવનાત્મક અપૂર્વતા પ્રાપ્ત કરે.

*

પણ ભાવના ન હોય તો તરત તૃપ્તિ આવે કે જીવન અકારું થઈ જાય.

*

જ્યાં ભાવનાત્મક અપૂર્વતા હોય ત્યાં સરસતા હોય જ, જ્યાં તૃપ્તિનું અકારાપણું આવે ત્યાંથી સરસતા દૂર થાય છે.

*

જીવિતનો અંત મરણ છે. ધનનો વરસાદ થાય તો પણ કામની તૃપ્તિ નથી; કામને તૃષ્ણાથી શોક થાય છે, ભય થાય છે.

*

અનુભવ કે કલાકૃતિ, આચાર કે વિચાર જેનો વધારે સૂક્ષ્મ સ્વરૂપે સાક્ષાત્કાર કરવાની અણદમ્ય ઉત્કંઠા થયા જ કરે તે તલસાટ.

*

અનુભવે અનુભવે વધારે સૂક્ષ્મ અનુભવ કરવાનો ઉલ્લાસમય તલસાટ પ્રગટે તે જ આનંદ.

*

ડહાપણમાં અને ગાંડપણમાં એક જ ફેર હોય છે. ડહાપણમાં માણસ એકલો [illegible] ગાંડપણમાં [illegible] પણ બધી રાંક છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંડપણમાં ક્યાં તો એકાગ્ર ચિત્ત થઈ શકતું નથી, અને થાય તો પાછું ખેંચાતું નથી.

*

જગતના ઇતિહાસમાં બુદ્ધિ જેવી વાંઝિયણ બીજી કોઈ નથી.

*

સ્વભાવ ન સત્કારી શકે એ અભ્યાસ અભ્યાસ નહિ—વૈતરું.

*

પ્રેમી હૃદયના ધગધગતા ઉમળકાઓની વાચામાં પ્રેમગાનો ગાવાં, સાંભળવાં તેમાં ખરું શિક્ષણ સમાયલું છે; કારણ કે જે માણસની સ્વાભાવિક જડતા, જંગલીપણાને પીગળાવી સંસ્કૃતિ કરે તે કેળવણી.

*

એક વસ્તુને આપણી કલ્પનામાં આપણે નિરંતર રાખીએ ને તેની જોડે તાદાત્મ્ય કેળવીએ તો તેના ગુણની પ્રાપ્તિ થાય છે. એ વિશ્વનિયમ છે.

*

એકાગ્રતાથી કેટલાક ગુણોનું આરોપણ બીજા માણસમાં કરીએ તો એ ગુણો તેનામાં જરૂર ખીલે: આ નિયમ યોગીની દૃષ્ટિએ સાચો.

*

લાંબા સમય સુધી નિરંતર એકના એક શબ્દોનું રટણ કરવાથી ધીમે ધીમે માનસિક દમા કાં તો બગડે, કાં તો સુધરે છે.

*

હૃદય, એ તો સ્વામીનો પણ સ્વામી; એને અપરિગ્રહની અકળામણ કેમ પાલવે?

CC-0. Prof. Satya Vrat Shastri Collection. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયનાં રહસ્યો એક વખતે જાહેર પ્રકાશમાં મૂક્યાં એટલે એમાંનાં વિષ ઊતરી જાય છે.

*

મારી ખરી મહત્તાનું માપ મારા વ્યક્તિત્વમાં છે, કાર્યોમાં નથી.

*

અપૂર્વતા માટે તલસાટ વધે તેનાથી વ્યક્તિત્વ વિકસે.

*

આ અદ્‌ભુત વ્યક્તિત્વ કવચિત્ કવચિત્ નરસિંહોમાં નજરે ચઢે છે. કારણ જડતું નથી પણ બધા માર્ગ આપે છે; સમજ પડતી નથી છતાં બધા શાસન માને છે. ઇતિહાસની રંગભૂમિ પર આવી વ્યક્તિઓ જ્યારે આવે છે ત્યારે બીજાં તત્ત્વો પુરુષાર્થવિહીન થઈ જાય છે; ઇતિહાસક્રમ થંભે છે; સમયશક્તિઓનું ભાન ભૂલી પ્રેક્ષકોનું મન તેની આસપાસ વીંટાય છે; નાયકના મોહમાં નાટકનો અર્થ વિસરે છે. ભૂતકાલની રંગભૂમિ પર હતા એવા પરશુરામ, મધુસૂદન ભગવાન્ શ્રીકૃષ્ણ, સમસ્ત જગતના મુત્સદ્દીઓમાં શિરોમણિ ભગવાન્ ચાણુક્ય; મધ્યકાલીન ગુજરાતની નાની રંગભૂમિ પર એવો મુંજાલ હતો.

*

બાલચેષ્ટાને લોકો હલકી—નિર્જીવ ગણે છે–મોટા માણસોના ધ્યાન બહારની વાત ગણે છે. પણ તે ઘણી ભૂલ છે. ઝાડનું નિરીક્ષણ છોડથી જ થાય છે. કુમળી વયના પ્રસંગો, તે વયમાં કરેલી સોબતો માણસના મન પર ઊંડી અસર કરે છે, એટલી ઊંડી અસર મોટપણના પ્રસંગો કે સોબતો કરતાં નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણી વખત ઊગતા સ્વભાવમાં બધી સામગ્રીઓ હોય છે; અજાણતાં તેને ભણકારા વાગે છે; પણ શાના તે સમજ જ પડતી નથી. અચાનક કોઈ શબ્દ સંભળાય છે, કોઈનું ચારિત્ર્ય જણાય છે, કોઈ પ્રસંગ બને છે; અને તૈયાર થઈ રહેલી સામગ્રીઓનો ભડકો થઈ ઊઠે છે.

*

સામાન્ય જનોથી અટૂલા બનેલા મહાપુરુષો એકસ્તંભી મહેલના રહેવાસી બની જાય છે. બધાથી ઊંચા ખરા, પણ એ ઊંચાઈ એ જ એમનું કારાગૃહ.

*

કેટલીક વ્યક્તિઓ પાર્થિવ તત્ત્વ વિનાની હોય છે. આકાશમાંથી તે અલ્પ સમય માટે જ ઊતરી આવી હોય અને હમણાં પાછી જતી રહેશે એમ લાગે છે. આવી વ્યક્તિ સંસારમાં નજરે ચઢે છે, પણ તેમાં મળી જ નથી; જનસમાજ જોડે સમાગમમાં આવે છે, પણ સંબંધ બાંધતી નથી; હરે છે, ફરે છે, જીવન વિતાવે છે, પણ અસ્પર્શ્યતાથી; આપણે તેને પૂજીએ છીએ, પણ આપણી બનાવી શકતા નથી; તેને માટે પ્રાણ સમર્પણ કરીએ છીએ, પણ તેના સ્નેહની આશા રાખી શકતા નથી.

*

દુનિયાના વ્યવહારમાં નજરે ચઢતા અનેક દુર્ગ સમા દુર્જય કાર્યદક્ષ પુરુષો માત્ર બુદ્ધિવંત બની રહે છે; સ્વાર્થ સાધવાના સાધન રૂપ જ તેમનું હૃદય થઈ જાય છે. તેવાં હૃદય પર સપાટી વળી ગયેલી હોય છે ખરી; પણ કોઇક સ્થળે, કોઈક સમયે પગ દેતાં સપાટી છૂટી જાય છે. નીચો વહેતો, મહાપ્રયત્ને ઢાંકેલો રસસ્રોત–અંદર ઊકળતો ઊર્મિઓનો સાગર ઉભરાય છે–તૂટેલી સપાટીમાંથી ઉપર આવે છે, સપાટી પર ફરી વળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક સ્વભાવોમાં સાતત્ય અને એકતાનતા હંમેશાં દેખાય છે. કાં તો ઉગ્ર એકાગ્રતા કાં તો સ્વસ્થ કર્તવ્યપરાયણતા, કાં તો સુમધુર રસિકતા, કે કાં તો નીરાંત કે નિર્માલ્યતા એકધારે જીવનમાં વહે છે. પણ કેટલાક સ્વભાવોમાં જુદે જુદે વખતે જુદી જુદી ધૂન આવે છે; એટલું જ નહિ, પણ કોઈ કોઈ પ્રસંગે ધૂન એવા જોરથી આવે છે કે રખેને તે માણસ ધૂનમાં ને ધૂનમાં ગાંડો થઈ જાય એવું જોનારને લાગી આવે છે.

*

માનવી જેવું કૃતઘ્ની મેં કોઈ જાનવર જોયું નથી.

*

દારુ નિર્લજ્જ બનાવે છે, અફીણ બેદી બનાવે છે, ગાંજો ધૂની બનાવે છે, પણ ભાંગ કલ્પનાશક્તિને ઉત્તેજી પીનારને વ્યોમમાં રચાઈ રહેલી સોનેરી સૃષ્ટિનો માલિક અને ભોક્તા બનાવે છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાંપત્ય અને કુટુંબ

જાતિની આબાદી સ્ત્રીજાતિની શક્તિ પર અવલંબે છે.

*

મનુષ્યવિકાસમાં સ્ત્રી રક્ષકબલ છે; પુરુષ સંવર્ધકબલ છે.

*

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः એ માત્ર ધર્મશાસ્ત્રનું સૂત્ર નથી, પ્રાણીશાસ્ત્રનું પણ છે.

*

દરેક સ્ત્રી દેવી છે, માત્ર પુરુષ જ અધમતાનું કારણ છે. પુરુષ પૂજે તો સ્ત્રી દેવીપદ છોડે નહિ.

*

સ્ત્રીજાતિમાં ગમે તો ઉમરે માતાપણાના અંશો રહેલા હોય છે; તે અંશો જ તેનામાં સહિષ્ણુતા, ક્ષમા અને સ્નેહ પ્રેરે છે; દુઃખ ઓછું કરાવવાની શક્તિ આણે છે; અને તેના જ વડે તેનો દિગ્વિજય આટલો સહેલો થઈ પડે છે.

*

દરેક સ્ત્રીમાં પુરુષને રીઝવવાની અદ્‌ભુત શક્તિ હોય છે.

*

હિન્દુ સ્ત્રી એટલે પતિભક્ત; પ્રાણ જાય પણ પ્રાણાધારને તસ્દી પડવા ન દે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્ની એ સંસ્કાર અને સંતાન બન્નેની ખાણ છે. એ જ્યાં સુધી વિશુધ્ધ હોય ત્યાં સુધી જ સાચવવા યોગ્ય છે.

*

સ્ત્રી એ જ વિશુદ્ધિની ખાણ છે. પુરુષ પતિત થાય તો એકલો જ. સ્ત્રી પડે તો એની આખી સૃષ્ટિ લઈ ને.

*

સ્ત્રી એ સ્વચ્છંદનું સાધન એ તો અનાર્ય દૃષ્ટિ.

*

પુરુષજાતિએ રચેલા સ્વાર્થી નિયમોએ સ્ત્રીઓના સ્વભાવને એવો વિકૃત કરી નાંખ્યો છે, કે ગમે તે ઉપાય કરે પણ એ સ્વભાવ બદલવો અશક્ય થઈ પડ્યો છે.

*

સ્ત્રીને ભાગ્યે તકરાર કરવાનું જ કામ લખ્યું હશે ?

*

કઈ સ્ત્રી જિદ્દી નથી હોતી?

*

બાલવૈધવ્ય મનુષ્યના હૈયાનાં ઝરણાં સૂકવી નાખે છે. વિધવાને કાં તો કચરાયેલ કે કાં તો હિંસક પશુ બનાવી મૂકે છે.

*

છોકરાં છોડી મરવું એ દુઃખ મોટું છે; છોકરાંને નજર આગળ મરતાં જોવાં એ વળી વધારે મોટું દુઃખ છે; પણ સ્વેચ્છાથી છોકરાંને દૂર કરવાની વ્યથા અકલ્પ્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યાં અન્યોન્ય પ્રેમ હોય, જ્યાં એકમેકને માટે રસ વહેતો હોય, જ્યાં આનંદ દિન ને રાત,—એકમેકના નયનલયમાં એકમેકના સ્પર્શમાં વસતો હોય—તે સહધર્મચાર.

*

દરેક સંસ્કારી પુરુષ કે સ્ત્રીનું હૃદય સમાન જોડી માટે તલસે છે. સમાજ એ તલસાટને નિયંત્રિત કરવા મથે છે, નીતિ નિયમિત કરવા મથે છે; પણ ઘણે અંશે બધા પ્રયાસો નિષ્ફળ થાય છે, અને જ્યારે જ્યારે તે સફળ થાય ત્યારે સામાન્ય સ્થૂલ હૃદયોને સુખ થાય છે; પણ સંસ્કારી હૃદયોનો કચ્ચરઘાણ વળે છે.

*

જે સ્ત્રીને મેં સ્વીકારી—જેનો જીવનપ્રવાહ મારામાં ભળ્યો તે જ મારી, તે જ મારી પત્ની, તે જ સમભાગિની ને તે જ સહધર્મચારિણી.

*

ગમે તેવા પુરુષથી સ્ત્રીના ભાવ વિના રહેવાનું નથી. થાકેલો માણસ જેમ રેવાના તરંગોમાં પડી નવું જીવન પામે છે તેમ પુરુષને સ્ત્રીના ભાવ, ઊર્મિ ને નાના-મોટા વિલાસોમાં સ્નાન કરી સજીવન થવાની જરૂર પડે છે.

*

પુરુષહૃદયની સનાતન અભિલાષા છે-પોતાની સ્ત્રી પોતાની કરવાની : તેની જોડે તાદાત્મ્ય સાધે, તેને તેની સેવાને અને તેના જીવનધ્યેયને સ્વીકારે; તેને સુખે રીઝે ને દુઃખે રીઝવે; તેને પૂજે ને તેને પૂજે તેવા પુત્રોની માતા થાય; તેના અને તેના પિતાની કીર્તિના ગર્વમાં ઘેલી થઈ તેનું કુળ તારે-એવી સ્ત્રીના તેને અભિલાષ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરો યોગી તો જે વિશ્વના નિયમોને અનુસરે તે, વિશ્વના મોટામાં મોટા નિયમ સામું જાય નહિ. પરણવું એ પ્રકૃતિનું સાફલ્ય.

*

શાસ્ત્રકાર ગમે તે કહે છતાં ગૃહનાથ વિના ઘર કહેવાયજ નહિ

*

આ જગત મિથ્યા અને સંસાર માયાજાલ છે. ઈશ્વર છે કે નહીં તેનો નિર્ણય થઈ શક્યો નથી.

*

આત્માના અસ્તિત્વમાં મૃગજલ જેટલું સત્ય રહ્યું છે. પુરુષ ને સ્ત્રી માત્ર પરપોટા છે.

*

શું હિંદુસંસારમાં સાસુ અને વરને જરા પણ ન્યાયના અંકુરો મનમાં નથી હોતા ?

*

હિન્દુ સંસાર જગન્નાથજીનો રથ છે. તે ચાલે છે. ને હજારો નિરપરાધીને પૈડાં નીચે કચરે છે.

*

સંસારલગ્નથી ઉદ્‌ભવેલો ભાવ ક્ષણિક જ હોય છે.

*

આજે સ્ત્રીને તમાચો મારવો અનીતિ નથી ગણાતું—પચાશ વર્ષ પછી તે કૃત્ય જરૂર અનીતિમાન ગણાવાનું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ જીવતી સામુદાયિક ભક્તિ વિના કુટુંબીજનોની ઊર્મિઓનું સંસ્કરણ ને તેમનાં વ્યક્તિત્વનો પરસ્પરાવલંબી વિકાસ શક્ય નથી.

*

માતૃમૂલ અને પિતૃમૂલ—Matriarchal અને Patriarchal —વૃત્તિઓનો વિરોધ સનાતનઃ સ્ત્રીને પતિ અને સંતાન પ્રિય; પુરુષને કુલ પ્રિય. એક પોતાનાં જણ્યાંને જુએ; બીજો માના જણ્યાં ભાંડુને વિસારી ન શકે. સ્ત્રીવૃત્તિને કચરી પુરુષની વૃત્તિની સ્થાપના ઉપર સંયુક્ત કુટુંબ રચાયું છે. અને પરિણામે સ્ત્રીની કચરાયેલી વૃત્તિ બહાર આવવાને ફાંફાં મારતી, અસ્વાભાવિક વિરોધ ઊભો કરતી, વહી જાય છે—આંસુઓના પ્રવાહ વહેવડાવતી, હૈયાં ને જીવનોની કચ્ચરો કરતી. જ્યાં આ વિરોધ ન શમે ત્યાં સુખી કુટુંબ ન વસે.

*

જે દિવસે હિન્દના અને દુનિયાના હીનભાગ્યે યોગીઓને સંસાર તજ્યો તે દિવસે સંસારના પુનર્જીવનના બીજનું સત્યાનાશ વળ્યું.

*

कोई स्त्री क्या चाहती है यह वृहस्पति भी नहीं कह सकते हैं।

*

I am new-fashioned enough to believe in the equality of women with men, but I know the fundamentals of life too well not to empty shells without the harmony of life which arises from a surrender of selfish instincts of man and woman to a common ideal.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ્યપ્રકરણ

મારી જન્મદાતા ભૂમિનાં કીર્તન કરવાં, એ મારો ધર્મ છે. મારી ભૂમિ જેવી ભૂમિ તો સ્વર્ગલોકમાં પણ જડવી મુકેશ્કલ થઈ પડે એમ છે.

*

પરસંસ્કાર ગાળી, આર્યસંસ્કાર શુદ્ધ રાખવાનું હિન્દ એક પ્રયોગક્ષેત્ર છે.

*

આપણા દેશના દેવો તે જ આપણને ઉદ્ધારશે. પરદેશી તે પૂતળાં જ.

*

જીવંત રાષ્ટ્રનું જીવન ને સાહિત્ય વીર્યવાન હોય છે અને સમયના મહાપ્રશ્નોનું નિરાકરણ કરવા કલાને શસ્ત્ર બનાવી નિશ્ચયાત્મક બુદ્ધિથી આગળ વધે છે.

*

રાષ્ટ્રે પોતાની પ્રવૃત્તિઓમાં અહિંસા સાધવી જોઈએ, સત્યનું પાલન કરવું જોઈએ, આક્રમણની ઇચ્છા વીસરવી જોઈએ, દ્વેષને દૂર કરવો જોઇએ.

*

લડાવી મારવાની રાજનીતિમાં મને વિશ્વાસ નથી.

*

કુસંપ કરતાં સંપ કરવો વધારે કઠણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોક્ષ માટે રચાયેલો આદર્શ વ્યક્તિને તારે તો રાષ્ટ્રને શા માટે નહીં ?

*

રાજત્વ પણ વૈશ્વાનર છે. તે બળે છે ને બાળે છે; પોષે છે ને પુનિત કરે છે; વિનાશે છે ને સર્જન કરે છે. તેને જે સાચવે છે તે તેના પ્રતાપથી તપે છે છતાં તેના વડે મોક્ષ પામે છે ને પમાડે છે.

*

હિંદ રાષ્ટ્ર છે, એ વિરાટ પુરુષ થતું જાય છે, એકતાન થવાનો એને નાદ લાગ્યો છે. એક ભાષા, એક લિપિ, એક સાહિત્ય—પૂર્વે ન હતાં તેવાં—સરજાવવાના એને કોડ જાગ્યા છે.

*

એકલા વેપારીઓની સત્તામાં પ્રભાવ શો ? સત્તા આખા દેશની જોઈએ.

*

જેમ જેમ પ્રાંતિક અસ્મિતા વધશે તેમ તેમ આર્યાવર્તમાં રાષ્ટ્રીયતાનો વિકાસ વધતો જશે.

*

ગુજરાત જો આર્યસંસ્કારને વ્યક્ત કરવાનું સાધન ન બને તો એના જીવ્યાનો અર્થ શો ? એના ભાવિનું ધ્યેય શું ?

*

પ્રાંતીય સાહિત્યોમાંથી એક સર્વસામાન્ય સાહિત્ય સમૃદ્ધિ સરજાતી આપણે જોઈશું; અને તેના સંવાદી નાદમાં બીજા પ્રાંતોની સાથે ગુજરાતે પણ પોતાના આત્માનો સૂર પૂર્યો હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું ગુજરાતની અસ્મિતામાં માનું છું.

*

ગુજરાત એક જીવંત અને જાગ્રત વ્યક્તિ છે—જે પોતાને એક કલ્પવામાં, પોતાનું અસ્તિત્વ એક દૃઢ સંકલ્પદ્વારા સરજવામાં જીવન સાફલ્ય સમજે છે.

*

આર્યત્વનું અમોલું અંગ કાવ્યમયતા, રસિકતા ને પ્રેમપૂજા, એ યાદવકાલથી ગુજરાતી સંસ્કારનું અગત્યનું અંગ હતું.

*

ગુજરાતી એટલે મોજીલો, શોખીલો, પાન ચાવતો, ગપાટા હાંકતો ફક્કડ અથવા કસરીઓ, પેટે પાટા બાંધી જંઈ ભેગા કરતો, સ્વાર્થી વેપારી.

*

ગુજરાતને ત્યાગ કરતાંય ઉલ્લાસ વધારે રૂચે છે.

*

બુદ્ધિપ્રેરક, ઊંડા જ્ઞાનાન્વેષણમાં ગુજરાતીઓને ઓછો રસ છે. વિદ્વત્તા ઘણે ભાગે ઉપરચોટિયા હોય છે. સંશોધન અને શુદ્ધ જ્ઞાનસેવા હજી દુષ્પ્રાપ્ય છે. વિવેચન હમણાં હમણાં જ કંઈક અંશે દિશા દેખાડતાં શીખ્યું છે.

*

રાજ્યના જીવનમાં ઘણી વખત કટોકટા પ્રસંગ આવે છે. જો તે પ્રસંગ વટાવ્યા તો રાજ્યની કીર્તિ વધે—નહિ તો વિનાશ શરૂ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદને ઇતિહાસકાલમાં સન્યાસીઓએ ઘણી વખત ઉદ્ધાર્યો છે, પણ ટૂંક વખત માટે જ.

*

વિપ્લવ જીવનક્રમની જરૂરીઆત છે.

*

જ્યાં મૂલ્યપરિવર્તન પૂરેપૂરાં થાય છે ત્યાં વિપ્લવનો પ્રારંભ થાય છે.

*

ધર્મ પ્રવર્તે, જ્યારે અધર્મીઓને દંડવાનું તમારામાં સામર્થ્ય હોય તો.

*

ધારા ને વ્યવસ્થા સનાતન દૈવી ધર્મ છે. એ ધર્મ ઉલ્લંઘનારને શિક્ષા થવી જ જોઈએ.

*

શક્તિ વિના શિક્ષા નહીં કરવી. શક્તિહીણની શિક્ષા અને નિર્ધનનું દાન—એ બન્નેને અંતે—હાંસી.

*

હું તો વિજયી થાય તેવા યુદ્ધને ધર્મયુદ્ધ માનું છું.

*

ત્યાગ વગરનો વિજય નકામો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યજ્ઞ વિના સર્જન નથી, યજ્ઞ વિના સૃષ્ટિ ટકતી નથી; બત્રીસલક્ષણો હોમાય નહિ તો પૃથ્વી નવપલ્લવિત થાય નહિ. ધન હોમે તે યજ્ઞ કરે; સમય ને શક્તિ હોમે તે પણ યજ્ઞ કરે; જે સર્વસ્વ હોમે તે સ્રષ્ટા—યજ્ઞપુરુષ.

*

કાંઈ કાંઈ બત્રીશ લક્ષણાઓ ને પદ્મિનીઓ હોમાય ત્યારે મોટાં મોટાં રાજ્યોની મહત્તા સધાય.

*

યુદ્ધની કલામાં અણુબાર્યો હુમલો જ અણુબાર્યો વિજય અપાવે છે.

*

અંકુશથી જેમ હાથી ચાલે તેમ માન અને આદરથી જ યોદ્ધો શૂર દર્શાવે.

*

મરવા જ બેઠા પછી કોઈને મારવું શા માટે ?

*

સત્તા મળે તો હિન્દ આત્મસંતુષ્ટ રહેશે ? અધિકાર આવશે ત્યારે પણ હસ્તે મોઢે આત્મસમર્પણ કરવા હિન્દીઓ તૈયાર થશે ?

*

આજે જ્યાં અંગ્રેજ જાય છે ત્યાં નાનકડું લંડન બનાવે છે, તેમ બ્રાહ્મણ પણ જ્યાં ગયો ત્યાં નાનકડું કાશી પ્રગટ્યું.

*

પાશ્ચાત્ય સંસ્કૃતિએ આપણને ભૂતકાળ વિસરાવી આપણું ભાવિ વેચાતું લઈ લીધું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવ એ જીવનપ્રવૃત્તિનું ધ્યેય નથી રહ્યો, માત્ર સાધન બનતો જાય છે—જાણે મહાન્ જગતયંત્રનું એક નાનું ચક્ર.

*

યંત્રપૂજાની ઘેલછામાં માનવગૌરવનું સૌંદર્ય આપણે અવગણતાં શીખ્યા છીએ.

*

ચામડીના રંગમાં મને સ્વભાવ સમાએલો દેખાતો નથી.

*

રંગ ને રૂપ જુદાં થયે મનુષ્યનો પશુ થતો નથી.

*

આર્યત્વ રૂપ ને રંગ વડે નથી. એતો છે તપ વડે—સત્યમાં—ઋતના અનુસરણથી.

*

આર્યત્વ નથી રંગમાં–નથી કુળમાં–જ્યાં દેવને શરણ જવાની શક્તિ છે ત્યાં આર્યત્વ છે.

*

માનવી માનવીના ભેદ તો આર્યત્વને કલંકિત કરે.

*

મુસલમાની સંસ્કારમાં ખલીફ઼ ઓમારની હિંમત ને પ્રામાણિકતા હતાં; પાશ્ચાત્ય સંસ્કારમાં કલાઈવનું કાપટ્ય ને વૉરન હેસ્ટીંગ્ઝની નિર્દયતા હતાં. મુસલમાની સંસ્કૃતિ કાફ઼ર કહી જીવ લેતી; પાશ્ચાત્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ દેવદૂત બની આત્મા હરતી. એકની સામે થવું સહેલ હતું બીજાની સામે થવું અશક્ય થઈ પડયું.

*

સત્યાગ્રહની આખી ચળવળ સામુદાયિક તપ પર રચાઈ હોય એમ લાગે છે.

*

પ્રગતિની ચાવી સંઘશક્તિમાં રહેલી છે.

*

આપણાં ગામડાંઓમાં, આપણા બિનકેળવાયેલા માણસોમાં, આપણી રમતોમાં, આપણી શાળાઓમાં સર્વત્ર આપણે શિસ્ત અને સંઘશક્તિ કેળવવાની છે.

*

દરેક જણ પોતપોતાની દૃષ્ટિએ જ નિર્ણય કરવા બેસે તો કદી આરો આવે નહીં.

*

ગાંધીજી એક માણસ નથી પણ અનેક સંસ્થાઓનો સમૂહ છે; ભાવનાઓનો સમુચ્ચય છે; સાંસ્કારિક બલનું કેન્દ્રસ્થાન છે; સંસ્કૃતિકાર છે. એ વર્તમાનકાળના નથી; એમનામાં ભૂતકાળની મહત્તા ને ભાવિની ભવ્યતા છે.

*

માર્કસને સૃષ્ટિક્રમમાં અર્થવાદ વિના બીજું કાંઈ જણાયું નહીં; ગાંધીજીને સ્થૂલજીવન પર વિજય મેળવ્યા વિના સર્જનની સફળતા જણાતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામ્યવાદ ને અપરિગ્રહ વચ્ચે ઘણું થોડું અંતર છે.

*

સામ્યવાદ, સંહતિવાદ, રાષ્ટ્રીયતા—એવે એવે અનેક નામે માનવજાતિના સ્વાતંત્ર્ય પર કબરો ચણાતી જાય છે.

*

પશ્ચિમના જડવાદથી ગ્રસ્ત માનવજાતિને આપણો આદર્શવાદ વિના બીજે ઉદ્ધારનો માર્ગ દેખાતો નથી.

*

સત્તા ભોગવવી હોય તેને સુખનો અધિકાર શો ?

*

આપણામાં બુદ્ધિ ન હોય ત્યારે બુદ્ધિશાળીને સોડમાં રાખવા.

*

નિર્બળતા ઉપર રાજ્ય રચવું એ તો રાંડીરાંડોની રમત છે.

*

ચક્રવર્તીપણું મળે તો તે પ્રજાના ઉત્સાહથી, તેમની મહત્ત્વાકાંક્ષા સજીવ કરવાથી.

*

સૂર્યનારાયણ પેલા જોયા ? દૂરથી લોકો દાઝે ને શિશ નમાવી અર્ઘ્ય આપે. જો તે પણ ઘરની દીવી પર આવી બેસે તો લોકો ફૂંક મારી હોલવવા જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાઓ મોટામાં મોટા હિંસકો છે.

*

રાજકારભાર એટલે ઈર્ષ્યા, સત્તા, બલ ને હરામખોરી તો હોય જ. ત્યાં અહિંસા કેમ સંભવે ?

*

અમારી* અને રાજ્યપદ એ બેનો પરસ્પર વિરોધ છે. રાજ્યાધિકારી કાં તો હિંસક હોય કે હિંસામાંથી બચવાનું સાધન હોય. પણ અહિંસાના ઉપાસકને અધિકારીનો ઉપયોગ કેમ હોય ?

*

જેને ક્રોધ હોય તે રાજ્વી શ્રેષ્ઠ, જેને ક્રોધ ન હોય તે મંત્રી શ્રેષ્ઠ.

*

કેટલાક માણસોને સમાધાન કરતાં સ્મશાન વધારે પસંદ પડે છે.

*

રાજ્યકાર્યભારમાં મુદ્દા સાચવવાના હોય છે; માત્ર પ્રતિજ્ઞા નહિ.

*

દરેક સત્ય વાત શક્ય નથી હોતી.

*

રાજ્યનીતિમાં ગુસ્સો રાખનારનું કોઈ દિવસ ભલું થયું છે ?

*

સત્તાધારી હમેશાં માન લેવાની ફરજ સમજે છે—આપવાની ફરજ યાદ રાખતા નથી.

---

*જૈન પરિભાષામાં અહિંસા માટેનો શબ્દ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विद्याविहीन राजत्व सदैव चंचल होता है।

*

No government can succeed in stamping out the urge towards freedom which evokes pride in the minds of the youth all over the world.

*

A country is a unity conceived in terms of its inhabitants created not only by geographical determinants, but by historical vicissitudes and the imponderable forces which shape social life and institutions.

*

Nationalism is based on the principles of liberal democracy—the rule of the people, by the people, for the people; the rule of the majority in Politico-Economic spheres, with due regard to the cultural and other special rights of all communities.

*

To us nationalism is the realization of the Mother in the country; the contemplation, adoration and service of the Motherland as Divinity.

*

" A Socio-Political unit can only be built up or maintained by the co-ordinated activities of a group which, under the urge of collective will, enforces a uniformity of outlook and action on a mass people."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

A slave—whether an individual or a nation—is under a cruel disadvantage. What he is and what his capabilities are, are decided by the master. What malady he is suffering from depends upon the master's diagnosis; what cures have to be applied, upon the latter's self-interest.

*

Nationhood is not a matter of religion or race, but it is one of communities purposively willing themselves into a nation and pursuing collective action under the urge of such a will.

*

A country of the magnitude and international frontier like India simply cannot exist without a compact Centre of power which can save it from external aggression and internal difficulties.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी.

સુભાષિતો

પ્રતિષ્ઠા એટલે એકમોની શોભા વધારવાને સ્થાપેલો શિષ્ટાચાર.

*

પામરની કૃપા એ તણખલાના તીર સમી છે.

*

પૈસો તો વિજયનો એક અંશ માત્ર છે. પૈસો માણસને મહાન્ નથી બનાવતો.

*

પોતાના આત્માથી વિમુખ બન્યે કોઈનો ઉદ્ધાર થયો છે?

*

ભય એ તો મનની વૃત્તિ છે.

*

ભાવનાઓનો સાધનસમૃદ્ધિઓ ઉપર વિજય થાય તેમાં જ સમસ્ત માનવજાતિની આશા સમાયેલી છે.

*

ભાવના દૃષ્ટિએ કરેલું કૃત્ય કદી પાપ થતું નથી.

*

ભૂમિ જીતે તેની—જન્મે તેની નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્યની બીક અને મનુષ્યની આશા એ સસલાના શૃંગ જેવી છે.

*

મનુષ્યનું આખું જીવન કોઈ એક મૂલ્ય પર રચાય છે ને વહે છે.

*

મનમાં પરણીને બધા મલકાય, પણ પોતે પરણીને જગતને પરણવાનો લહાવો તો કોઈકે જ આપી શકે.

*

મનુષ્યત્વ આ કર્યું અને પેલું કર્યું એમ સંતોષ લેવામાં નથી; માનવી થવામાં છે.

*

મરઘી માતીને ભેંસ થઈ કદી સાંભળી છે?

*

મરતાં ન આવડે તેને વિજય સાંપડે નહીં.

*

મતિએ મતિએ મૂલ્ય જુદાં હોય છે અને છતાં તેનાં પરિવર્તન બહુ અઘરાં હોય છે.

*

મરતો યોદ્ધો અતુલ પરાક્રમ દાખવે.

*

મરવા સુતેલો તૂટી આશાતાંતે પણ લટકવા ઇચ્છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસના જીવનમાં કોઈ એક પળ એવી પણ આવે છે કે, જ્યારે કોઈના બાપની પરવા તેને રહેતી નથી.

*

માનવીની જોવાની ને યાદ રાખવાની શક્તિ અત્યંત પરિમિત. એની માનવાની અને અતિશયોક્તિ કરવાની શક્તિને માપ નહિ.

*

મિલ્કત અને તેને લીધે મળતી પ્રતિષ્ઠા, જીવનનાં ઉષઃકાળથી, મનુષ્યને પ્રાણથી પણ વધારે પ્રિય છે.

*

મીઠાં, ગાંડાં, ડહાપણ કોને નથી હોતાં? જેને ન હોય તે નર નહિ.

*

મોરલી જેમ સાપને નચાવે તેમ આપણું હૃદય જે ડોલાવે તે સંગીત.

*

મૌન કરતાં કંકાસ પણ સારો.

*

રક્ષણની નિર્ગતિમાં મરણની નિશ્ચેતનતાનું યે ગૌરવ નથી.

*

રક્ષિત રહેવા કરતાં મરવું સારું.

*

રસિકતા હોય તો શાશ્વત સુખ મળે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂધિરના બહુણોમાંથી જ પ્રતાપની સરિતાઓ બને છે.

*

રોગથી પીડાતો માણસ પશુ થઈ જાય છે. તેની ઇચ્છાઓ પશુના જેવી અલ્પજીવી બને છે. તેની વાસનાઓ પ્રાબલ્ય પામે છે.

*

લક્ષ્મી પાછળ ભમનારા સદાય ભયમાં પડે છે; તો લક્ષ્મી જેની પાછળ પડે તેના મહાભયનું પૂછવું શું ?

*

લહુરી ગુજરાતીનો આત્મા ત્યાગદ્વારા યુદ્ધાકાંક્ષા વ્યક્ત કરવાનો પ્રયત્ન ન કરે.

*

લોકવૃંદની પ્રશંસા ને નિંદા ચંચળ હોય છે.

*

વકીલની ટેવ ને કૂતરાની પૂંછડી બે એકસરખાં.

*

વલ્લભ ને વડીલ બેને કોઈ રાખી શકયું છે ?

*

વસ્તુ મપાય નહીં ત્યાં સુધી જ મોહ રહે–મપાય કે પછી માત્ર ગણુત્રી.

*

વિદ્યા વિના વિપ્ર નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશ્વનિયમ પ્રમાણે લાયકજ જીવે.

*

વિષયલાલસા વધ્યા વિના જરૂરીઆતો વધે નહિ.

*

વૃત્તિવિરોધનાં વિષ કોઈ ઊતારી શકયું છે?

*

વૈરાગ બે રીતે આવે; અત્યંત ત્યાગથી કે અત્યંત તૃપ્તિથી.

*

શિક્ષા રોષ સંતોષવા ન હોય, દોષ દંડવા હોય.

*

શુદ્ધતા ન સમજે તે શુદ્ધતા ખાતર પ્રાણ કેમ આપી શકે?

*

શુદ્ધ થવા તલસતાં હોય તેને ગંગાજળ શુદ્ધ કરે—બાકીનાંને તો ભીનાં ને કાદવવાળાં કરી મૂકે.

*

શ્રેષ્ઠતા તમે કોને કહો છો? એક જાતની ટેવ પડી જાય એટલે તે પ્રમાણે વસવસ કરવું તેનું નામ શ્રેષ્ઠતા?

*

સત્તા સ્વીકારવી જ હોય તો સત્તાશીલની સારી.

*

સભારંજની વાર્તાથી તૃષાર્ત હૃદય છીપ્યાં સાંભળ્યાં છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજ નિર્દેશે તે કર્તવ્ય, તો અંતઃકરણવૃત્તિ ઝંખે તે અકર્તવ્ય?

*

સમાજ બદલાય છે. પ્રણાલિકા ઘડાય છે ને ભાંગે છે, નીતિના કાનુનો ફેરવાય છે.

*

સંતોષ વિના શાતા નથી ને અસંતોષ વિના મહત્તા નથી.

*

સંરક્ષવામાં જે મહત્તા છે તે સરજવામાં પણ નથી.

*

સાધુ થયા વિના ત્યાગની સિદ્ધિ થઈ શકે છે; વૈષ્ણવ થયા વિના પ્રેમમય આનંદની પ્રાપ્તિ થઈ શકે છે; બ્રાહ્મણ થયા વિના સાંસ્કારિક અસ્મિતા રાખી ને પ્રસારી શકાય છે.

*

સાંભળ્યાં ગાન તો સરસ છે; પણ એથીય સરસ છે, અણુસંભળાયલાં ગીતનો ધ્વનિ.

*

સુખ એટલે માત્ર દુઃખનો અભાવ નહિ, માત્ર સંતોષ એટલું જ નહિ; સુખ એટલે શરીર અને મનની ઊર્મિઓનું નૃત્ય.

*

સ્ત્રીઓ શુદ્ધ હોય ત્યાં સુધી જ સોનાની, પછી પથ્થરની.

*

સ્વાતંત્ર્ય પર્ણકુટીમાં સચવાય; પ્રાસાદ થાય કે પરાધીનતા પેસે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૃષ્ટિ બનાવવા બ્રહ્મા જોઈએ, પણ તેને ચલાવવા વિષ્ણુ અને લક્ષ્મી બે જોઈએ.

*

હસી કાઢવે કંઈ ખરી વાત ખોટી થાય છે?

*

હાલ આપણને જોઈએ છે જ્વલન્ત, વિજયી, મનુષ્યત્ત્વ—મનુષ્યત્ત્વ, જે આત્મા જીતી, બહારની સૃષ્ટિ જીતે તે.

*

હું તો પ્રયત્નને જ પ્રયત્નનું પરમ સાફલ્ય માનું છું.

*

હૈયામાં હામ હોય તો બારકી પ્રેરણાની જરૂર નથી.

*

હોમાવા જતાં હિસાબ હોય નહિ; ને જે હિસાબ કરે તે હોમાવા યોગ્ય નહિ.

*

અડગતામાં મરવું એજ જીવન.

*

અનાથને અનાથ પ્રતિ આકર્ષણ સ્વાભાવિક હોય. આધાર વિનાનાં બે રઝળતાં પંખીડાં સ્નેહથી સાથે ઊડે તેમાં શી નવાઈ?

*

અધીરાઈમાં જ હાલના જમાનાનું બધું ડહાપણ આવી ગયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભિલાષાને વશ થઈ કોઈ પણ રીતે ઝઝુમવામાં, ઝઝુમતાં મરવામાં, અને યશ કે અપયશ પ્રાપ્ત કરવામાં જ ખરી માનવતા દેખાય છે.

*

અશ્રદ્ધાવાનને લલાટે વિજય લખાયો નથી.

*

અસ્થિર મનના દ્વેષીને લલાટે વિજયી સ્વાતંત્ર્ય કયાંથી લખ્યું હોય ?

*

અંજલિરૂપ થવામાં જ પુષ્પની પહોલી ને છેલ્લી સફળતા છે.

*

આજે આપણે વિજ્ઞાનને વિસરી ન શકીએ, પણ વિજ્ઞાન-પ્રાબલ્યની વિષમતા જરૂર તોડી શકીએ.

*

આનંદની જે અરૂચિ તેનું નામ રોગ.

*

આપણાં કર્મો આપણાં નથી; વિશ્વના અચળ કાર્યક્રમના અલ્પ વિભાગો છે.

*

ઉમળકાની ગરમી વિનાના હિમવાન હૃદયોમાં એક ખૂબી હોય છે. હંમેશા ઠંડક હોય; પણ પીગળવા માંડે કે પછી થયું. બધું જ પાણી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંઘતાં જાગ્યાં જાણ્યાં છે, પણ જાગતાં કોઈ દિવસ જાગ્યાં છે?

*

એક જ અડગ નિષ્ઠા : જીતવું, છો પછી મરણ આવે.

*

ઔદાર્ય એ વિજયનું ભૂષણ છે.

*

કર્તવ્યશીલતા ને શુદ્ધિએ કોઈનાં તરસ્યાં અંતર છીપ્યાં છે?

*

કીચડના કીડાને તેની ગંધ મારતી નથી.

*

કેટલીક ચીજોમાં તો ડામ હોય છે માત્ર સ્મરણોજ નથી હોતાં કે ભૂંસાય.

*

કયાં કારવ્યાંને કદી શિરપાવ શોભ્યો છે?

*

કહેવાનું ન હોય તો સ્વર્ગ પણ જોયેલું શા કામનું?

*

કારાવાસનું જીવન જ એવું છે. કંચનને પણ કલંકિત કરે છે.

*

કાર્યસિદ્ધિનો આધાર આપણી દૃષ્ટિમર્યાદા પર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક જન્મે છે, લોકો સ્મરે માટે; કેટલાક મરે છે, લોકો સત્વર વીસરી જાય માટે.

*

કેટલાક સંબંધ તો સ્થળકાળની ય પર છે.

*

કેટલાંક જીવતાં વિજય પામે; કેટલાંક મરીને.

*

કૃપાકાંક્ષીને ખાલી હાથે કાઢવો પણ તિરસ્કારીને નહિ.

*

કોઈ ચોક્કસ સિદ્ધાંતનું સંપૂર્ણ રીતે પાલન કરવામાં જ જીવનનું સાફલ્ય છે.

*

કૌમુદી વિના શશિલેખા શા કામની ?

*

બીજો વટાવવાનો શ્રમ ઉઠાવીશું તો જ ગિરિશૃંગની શીતળતા મળશે.

*

ગંભીર, હૃદયભેદક ગર્જના એક મહાશક્તિનાં બે સ્વરૂપો જ કરી શકે છે. એક સાગર અને બીજો સમાજ.

*

ઘણાં વર્ષ થયાં પાપમાં ખરડાયલ હૃદયને નિર્મળ રસતરંગમાં નહાવું એ કેવો આનંદદાયક ક્રોધ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનનો ઉલ્લાસ અનુભવવો એટલે એ સુખનો ભાવનાત્મક વિકાસ સાધવાની કાંશભરી તત્પરતામાંજ આનંદ માનવો તે.

*

જુવાનીમાં સુખ મળે પછી છલછલાટનો શો પાર ?

*

જે જીવનનાં તપથી ત્રાસે તે તો પરાજય પામી ચૂકયો. એમાંથી તો કુંચન થઈ નીકળે તેનોજ જય વારો છે.

*

જેમ વિધિ તેમ સુંદરી દુર્ભાગીને ટળવળાવવામાં જ મજા માને છે.

*

જેનામાં શક્તિ નથી, તે જડ છે.

*

જે સત્કાર ન દે તેને સહાય શા માટે કરવી ?

*

જે માણસનું મોઢું ગમે નહિ, જેના બોલો ઝેર જેવા લાગે, જેનો સંગ કમકમાટ આણે તેની સાથે રહેવું તે નરક.

*

જે સુખ આપે તેને માટે દુઃખી થવું એ પણ એક લહાવો છે.

*

જ્યારે આશા ને નિરાશા જીંદગીના ચાર સીમાડામાં સમાઈ રહે છે ત્યારે જીવનના લહાવા લેવાની તત્પરતા વધે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીંદગીમાં માત્ર સુખ સાધવાનું જ નથી, સુખ આપવાનું પણ છે.

*

જ્યાં વીરે વીર આથડે ત્યાં મહાભારત.

*

ડહાપણ એ શું માત્ર એક બીજાને છેતરવા પ્રગટાવેલી ટ્રાંગીઓની ઇંદ્રજાળ ?

*

તીર્થોની પવિત્રતા યાત્રાળુઓના હૃદયમાં જ વસે છે.

*

તુલ્યશીલ નર ને નાર સ્રષ્ટા પણ ઝાઝીવાર સર્જતો નથી.

*

તૃપ્તિથી કદી રસિકતા છીપી જાણી છે ?

*

હૃદ્યાજનક મન્મથતા યમના પાશથી પણ વધારે ક્રૂર છે–અછેદ્ય છે.

*

દરેક કારીગર તાજમહેલ ન બાંધી શકે. દરેક ગામડિયો રહી શકે એવો તાજમહેલ ન બંધાય.

*

દાવાનળ પ્રગટે તે કંઈ લેખે પાણીએ બળાય ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુનિયામાં રસાકસી જોઈએ, મારામારી જોઈએ, અને નબળા હોય તેના ભોગ.

*

દુઃખમાં જ મહત્તા આવે, મૃત્યુથીયે અભેદ્ય.

*

દુઃખીયાની હાંસી ન કરો, દયા ખાઓ.

*

દુઃખી કરવું અને થવું એ બે જૂદાં નથી, એક જ વસ્તુનાં અડધીયાં છે.

*

દુનીયામાં કેટલાક ઉપયોગ કરવા જન્મે છે, ને કેટલાક પોતાનો બીજાને હાથે ઉપયોગ થાય તે માટે જન્મે છે.

*

દૃષ્ટાની અધમતાથી કંઈ દૃશ્ય અધમ થતું નથી.

*

દૈવને જેણે રૂઠાડ્યો તેને બધું હોય તોયે શું અને ન હોય તોયે શું ?

*

ધન, પ્રતિષ્ઠા ને આબરૂથી કોઈ સુખી થયું છે ?

*

નિરાધાર હમેશાં નસીબને આધીન થાય. કાયરનું પણ તે છેલ્લું વિશ્રામસ્થાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિરાશા જેવી છે, પણ આશાભંગ થવાની પીડા તેથી પણ વધારે વિષમય છે.

*

નમે તે નષ્ટાત્મા.

*

નીરસ શિથિલતા કરતાં રસિક તનમનાટ સદાય આદરણીય છે.

*

ब्रह्मचर्यकी अपेक्षा अमृत महान है।

*

संयममें तपस्या रहती है, तृप्तिमें नहीं।

*

विद्याविहीन ब्राह्मण, शूद्रके समान है।

*

कालका कारण विद्या है।

*

सनातन यौवन तो उषाके अतिरिक्त किसीको नहीं मिला है।

*

Friendliness comes by mutual forbearance and mutual respect.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

The school room is the sanctuary of the spirit, not a factory of slaves.

*

Of all forces that dominate life, fear is the most powerful.

*

Every youth is a hero-worshipper.

*

"Prestige is not a thing which could be commanded but has always to be deserved and earned."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल काँगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Other Munshi Diamond Jubilee Commemoration Publications

1 **Munshi : His Art and Work**

by Shri N. C. Mehta, and other eminent contributors—A critical study of his life and literary and other achievements. Demy 8vo. Pp. xxiv+544, Rs. 15/-.

2 **Munshi : The Man and his Message**

by Dr. K. Shridharani, Prof. D. P. Mukherji and Prof. B. P. Bhatt. Demy 8vo. Pp. 18, Re. 1/-.

3 **The Heroes & Heroines of Munshi**

Albums by Shri Ravishankar Raval (under preparation).

4 **The Munshi Diamond Jubilee Commemoration Indological Volume**

Containing over fifty valuable research papers by Indological scholars from and outside India (under print).

Enquiries and orders for the above may kindly be sent to the Hon. Registrar

BHARATIYA VIDYA BHAVAN,

Chowpatty Road, Bombay 7.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar